dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 31 | AD - 2025, Kartak Sud-14 | Tuesday, Dt.04-11-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### બસમાં ૭૦થી વધુ મુસાફરો હતા, જેમાંથી મોટા ભાગના કોલેજના વિદ્યાર્થીઓ હતા

# તેલંગાણાના રંગારેડ્ડી જિલ્લામાં બસ-ડમ્પર વચ્ચે અકસ્માતમાં ૧૯ના મોત

**ડમ્પરમાં ભરેલી કપચી બસમાં ઘૂસી ગઈ, ઘાયલોને હોસ્પિટલ લઈ જવાયા**

રંગારેડ્ડી,તા.૦૩

સોમવારે સવારે તેલંગાણાના રંગારેડ્ડી જિલ્લામાં હૈદરાબાદ-બીજાપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર કપચી ભરેલું એક ડમ્પર તેલંગાણા રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (TRTC)ની બસ સાથે અથડાયું હતું. ન્યૂઝ એજન્સી ANI અનુસાર, આ અકસ્માતમાં બસમાં સવારમાંથી ૧૯ લોકોનાં મોત થયા છે. ૨૦ લોકો ઘાયલ થયા છે, જેમાંથી ત્રણની હાલત ગંભીર છે.

સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, બસ તંદૂરથી હૈદરાબાદ જઈ રહી હતી. બસમાં ૭૦થી વધુ મુસાફરો હતા, જેમાંથી મોટા ભાગના કોલેજના વિદ્યાર્થીઓ હતા. તેઓ રવિવારની રજા માટે ઘરે ગયા હતા અને કોલેજમાં હાજરી આપવા માટે હૈદરાબાદ પાછા ફરી રહ્યા હતા.

પોલીસે જણાવ્યું હતું કે ચેવેલ્લા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાનપુર ગેટ પાસે રોંગ સાઈડમાંથી આવી રહેલા ડમ્પર સાથે બસ અથડાઈ હતી. ટક્કર એટલી ગંભીર હતી કે બસને ભારે નુકસાન થયું હતું અને ડમ્પરમાં ભરેલી કપચી બસની અંદર રહેલા મુસાફરો પર પડી હતી. બસ સ્ટાફે અંદાજે ૧૫ લોકોને બચાવ્યા હતા. અકસ્માતની માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. કપચી નીચે



દટાયેલા લોકોને બચાવવા માટે જેસીબીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઘાયલોને નજીકની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું. તેલંગાણાના મુખ્યમંત્રી કાર્યાલયે X પર જણાવ્યું કે સીએમ રેડ્ડીએ અધિકારીઓને તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચવાનો નિર્દેશ આપ્યો છે અને અકસ્માતની વિગતો અંગે સમયાંતરે અપડેટ્સ માગ્યાં છે. મુખ્યમંત્રીએ ઘાયલોને તાત્કાલિક હૈદરાબાદ પહોંચાડવા અને તેમની શ્રેષ્ઠ તબીબી સારવારની વ્યવસ્થા કરવા મુખ્ય સચિવ અને પોલીસ મહાનિર્દેશકને આદેશ આપ્યો છે. સરકારે ઘાયલો, તેમના સંબંધીઓ અથવા પરિવારના અન્ય સભ્યો વિશે માહિતી માટે હેલ્પલાઈન નંબર ૯૯૧૨૯૧૯૫૪૫ અને ૯૪૪૦૮૫૪૪૩૩ જાહેર કર્યા છે. તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે અધિકારીઓને તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચવાનો નિર્દેશ આપ્યો અને અકસ્માતની વિગતો અંગે સમયાંતરે અપડેટ્સ મેળવવાની વિનંતી કરી. મુખ્યમંત્રીએ મુખ્ય સચિવ અને પોલીસ મહાનિર્દેશકને ઘાયલોને તાત્કાલિક હૈદરાબાદ પહોંચાડવા અને તેમને શ્રેષ્ઠ શક્ય સારવાર મળે એ સુનિશ્ચિત કરવાનો આદેશ આપ્યો હતો.

આ અકસ્માતને કારણે હૈદરાબાદ-બીજાપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ભારે ટ્રાફિકજામ થયો હતો. ચેવેલ્લા-વિકારાબાદ માર્ગ પર વાહનો રોકી દેવાને કારણે મુસાફરોને ભારે અસુવિધાનો સામનો કરવો પડી રહ્યો છે. પોલીસ પરિસ્થિતિને કાબૂમાં લેવા અને ટ્રાફિકને ડાઈવર્ટ કરવાનો પ્રયાસ કરી રહી છે.

# જયપુરમાં માતેલા સાંઢની જેમ આવતા ડમ્પરે ૧૭ વાહનોને ટક્કર મારી : ૧૩ના મોત

જયપુર,તા.૦૩

જયપુરમાં ફુલ સ્પીડે ડમ્પરે એક પછી એક ૧૭ વાહનોને ટક્કર મારી દીધી. અકસ્માતમાં ૧૩ લોકોના મૃત્યુ થયા હતા.

મૃત્યુ પામેલાઓમાં ઘણા લોકોના શરીરના ટુકડા થઈ ગયા હતા. કોઈનો પગ કપાઈ ગયો તો કોઈનો હાથ. અકસ્માતમાં ૧૦ ઘાયલ થયા છે. ૬ ગંભીર ઘાયલોને એસએમએસ હોસ્પિટલ ટ્રોમા સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસે જણાવ્યું કે અકસ્માત



સોમવારે બપોરે હરમાડાના લોહા મંડી પર થયો. બપોરે લગભગ ૧ વાગ્યે ડમ્પર લોહા મંડી પેટ્રોલ પંપની તરફથી રોડ નંબર-૧૪ પરથી હાઈવે પર ચઢવા જઈ રહ્યું હતું.

આ દરમિયાન તેણે અનેક વાહનોને ટક્કર મારી દીધી. લોકોએ ડમ્પરના ડ્રાઈવરને ઘટનાસ્થળેથી પકડી લીધો હતો. તે નશાની હાલતમાં હતો. ડ્રાઈવર કલ્યાણ મીણા વિરાટનગરનો રહેવાસી છે, જેની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. હેડ કોન્સ્ટેબલ રવીન્દ્રએ જણાવ્યું કે ડમ્પર ખાલી હતું. જે રોડ નંબર ૧૪ તરફ જઈ રહ્યું હતું. લોહા મંડી રોડ પર લગભગ ૩૦૦ મીટર દૂરથી લોકોને ટક્કર મારતું આવી રહ્યું હતું. તેણે ઘણા વાહનો અને લોકોને પોતાની ચપેટમાં લઈ લીધા. લોકોને એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ મોકલવામાં આવ્યા.

**ઘાયલોને એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલે મોકલવામાં આવ્યા**

# ઈડીએ અનિલ અંબાણીના ઘર સહિત રિલાયન્સ ગ્રૂપની ૪૦થી વધુ મિલકતો જપ્ત કરી

મુંબઈ,તા.૦૩

EDએ અનિલ અંબાણીના રિલાયન્સ ગ્રુપની ૪૦થી વધુ મિલકતો જપ્ત કરી છે. આ મિલકતોમાં અનિલ અંબાણીનું પાલી હિલ ખાતેનું ઘર પણ સામેલ છે. તેની કુલ કિંમત રૂ.૩,૦૮૪ કરોડ હોવાનો અંદાજ છે. આ કાર્યવાહી મની લોન્ડરિંગ કેસમાં કરવામાં આવી છે, જેમાં રિલાયન્સ કોમ્યુનિકેશન્સ (RCOM)નો યસ બેંક લોન અને ફંડ ડાયવર્ઝનનો કેસ સામેલ છે. આ આદેશો ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA)ની કલમ ૫(૧) હેઠળ જારી કરવામાં આવ્યા હતા. ED કહે છે કે જાહેર નાણાં રીકવર કરવા માટે આ કાર્યવાહી જરૂરી છે. EDને તેની તપાસમાં રિલાયન્સ હોમ ફાઈનાન્સ (RHFL) અને રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સ (RCFL) માં ભંડોળનો નોંધપાત્ર ગેરરીતિઓ મળી છે. ૨૦૧૭ અને ૨૦૧૯ની વચ્ચે, યસ બેંકે RHFLમા રૂ.૨,૯૬૫ કરોડ અને RCFL માં રૂ.૨,૦૪૫ કરોડનું રોકાણ કર્યું હતું. પરંતુ ડિસેમ્બર ૨૦૧૯ સુધીમાં, આ રકમો નોન-પર્ફોમિંગ એસેટ્સ (NPA) બની ગઈ હતી. RHFLનું બાકી દેવું હજુ



પણ રૂ.૧,૩૫૩ કરોડ છે, જ્યારે RCFLનું દેવું રૂ.૧,૯૮૪ કરોડ છે. કુલ મળીને, યસ બેંકને રૂ.૨,૭૦૦ કરોડથી વધુનું નુકસાન થયું છે. EDના જણાવ્યા અનુસાર, આ ફંડ રિલાયન્સ ગ્રુપની અન્ય કંપનીઓમાં વાળવામાં આવ્યું હતું. લોન મંજૂરી પ્રક્રિયામાં પણ અસંખ્ય ગોટાળાઓ જોવા મળ્યા હતા. ઉદાહરણ તરીકે, કેટલીક લોનની તે જ દિવસે અરજી કરવામાં આવી હતી, અપ્રુવ અને ડિસ્બર્સ કરવામાં આવી હતી. ફિલ્ડ ચેક અને મિટિંગ્સ સ્કિપ થઈ ગઈ. દસ્તાવેજો બ્લેક અથવા તારીખ વગરના હોવાનું જાણવા મળ્યું હતું. EDએ આને "ઈરાદાપૂર્વક કન્ટ્રોલ નિષ્ફળતા" તરીકે ગણાવ્યું છે. આ તપાસ PMLA ની કલમ ૫(૧) હેઠળ હાથ ધરવામાં આવી રહી છે, અને ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ જપ્તીના આદેશો જારી કરવામાં આવ્યા હતા.

# રખડતા કૂતરા મામલે સુપ્રીમ કોર્ટનો ૭ નવે.ના રોજ નિર્ણય

નવીદિલ્હી,તા.૦૩

સુપ્રીમ કોર્ટે સોમવારે રખડતા કૂતરાના મુદ્દા પર સુનાવણી કરી. આ સુનાવણી દરમિયાન, પશ્ચિમ બંગાળ અને તેલંગાણા સિવાયના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો હાજર રહ્યા હતા. કોર્ટે જણાવ્યું હતું કે તે આ મામલે ૭ નવેમ્બરના રોજ પોતાનો નિર્ણય સંભળાવશે.

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ વિક્રમ નાથ, સંદીપ મહેતા અને એન.વી. અંજનિયાની બનેલી ત્રણ ન્યાયાધીશોની ખાસ બેન્ચે નોંધ્યું હતું કે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો કોર્ટમાં હાજર હતા. જોકે, કેરળના મુખ્ય સચિવે અરજી મંજૂર કરતા મુખ્ય સચિવની જગ્યાએ હાજર થયા હતા. ત્યારબાદ બેન્ચે આંધ્ર પ્રદેશનું પ્રતિનિધિત્વ કરતા વકીલને પૂછ્યું કે પાછલી સુનાવણીની તારીખે પાલન સોગંદનામું કેમ દાખલ કરવામાં આવ્યું ન હતું.

કોર્ટે એનિમલ વેલફેર બોર્ડને



પણ કેસમાં પક્ષ બનાવવાનો આદેશ આપ્યો હતો. દરમિયાન, સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે મોટાભાગના રાજ્યોએ તેમના પાલન સોગંદનામા રજૂ કર્યા છે. આ પછી, સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે તે ૭ નવેમ્બરના રોજ પોતાનો નિર્ણય સંભળાવશે અને આદેશ આપ્યો હતો કે તે તારીખે મુખ્ય સચિવોની શારીરિક હાજરી જરૂરી રહેશે નહીં. જોકે, કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે જો તેના આદેશનું પાલન કરવામાં કોઈ ખામી જોવા મળે છે, તો તે મુખ્ય સચિવોને ફરીથી હાજર રહેવા માટે સમન્સ મોકલી શકે છે. ૨૭ ઓક્ટોબરના રોજ થયેલી અગાઉની સુનાવણીમાં, સુપ્રીમ કોર્ટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને ૩ નવેમ્બરના રોજ રૂબરૂ હાજર રહેવા અને ૨૨ ઓગસ્ટના આદેશ છતાં પાલન સોગંદનામા કેમ દાખલ કરવામાં આવ્યા નથી તે સમજાવવા નિર્દેશ આપ્યો હતો.









# વિશ્વના ૧૦ સૌથી પ્રદૂષિત શહેરોની યાદી જાહેર : તમામ ભારતના શહેરો

ન્યુ દિલ્હી,તા.૦૩

વાયુ પ્રદૂષણની દ્રષ્ટિએ ભારતે ફરી એકવાર વિશ્વના સૌથી પ્રદૂષિત દેશોમાં સ્થાન મેળવ્યું છે. તાજેતરના અહેવાલ મુજબ, વિશ્વના ૧૦ સૌથી પ્રદૂષિત શહેરોમાંથી બધા ભારતમાં છે, જેમાં રાજધાની દિલ્હી યાદીમાં ૧૩મા ક્રમે છે. અહેવાલમાં જણાવાયું છે કે ઉત્તર ભારતના ઘણા નાના અને મોટા શહેરોમાં હવાની ગુણવત્તા ગંભીર અને જોખમી શ્રેણીમાં પહોંચી ગઈ છે. આ યાદીમાં સૌથી પ્રદૂષિત શહેર રાજસ્થાનનું શ્રીગંગાનગર છે, જ્યાં એકયુઆઈ ૮૩૦ પર પહોંચ્યો છે.

આ ટોચના ૧૦ પ્રદૂષિત શહેરોની યાદીમાં હરિયાણાના ૭ શહેરોનો સમાવેશ થાય છે, જે રાજ્યમાં ગંભીર વાયુ પ્રદૂષણની સ્થિતિને પ્રતિબિંબિત કરે છે. આશ્ચર્યજનક રીતે નોંધાયેલા એર ક્વોલિટી ઈન્ડેક્સ (એકયુઆઈ) અનુસાર, વિશ્વના ૪૦ સૌથી પ્રદૂષિત શહેરોની યાદીમાંના તમામ સ્થાનો ભારતીય શહેરો દ્વારા કબજે કરવામાં આવ્યા હતા. દિલ્હી, જેને સામાન્ય રીતે ભારતનું સૌથી પ્રદૂષિત શહેર માનવામાં આવે છે, આ વખતે ૧૩મા ક્રમે છે.




સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૦૪-૧૧-૨૦૨૫

**જિલ્લામાં અસરગ્રસ્ત ૬૨૬ ગામોમાં કપાસ, મગફળી, સોયાબીન, ડુંગળી, શાકભાજી, કઠોળ વગેરેની ખેતીને નુકસાન થયું છે**

# અમરેલી જિલ્લામાં થયેલ ખેતી પાક નુકસાનીનું પંચરોજકામ પૂર્ણ

અમરેલી,તા.૦૩

રાજ્યમાં કમોસમી વરસાદના કારણે ખેડૂતોના કૃષિ પાકને થયેલા વ્યાપક નુકસાનની સ્થિતિમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા તાત્કાલિક સર્વે અને પંચરોજકામ કરવાની સૂચના આપવામાં આવી હતી. આ સ્થિતિમાં અમરેલી જિલ્લામાં અસરગ્રસ્ત ૬૨૬ ગામોમાં કપાસ, મગફળી, સોયાબીન, ડુંગળી, શાકભાજી, કઠોળ વગેરેની ખેતીને નુકસાની થઈ છે. આ અસરગ્રસ્ત ગામોમાં સર્વે અને પંચરોજકામની કામગીરી કરી અને અહેવાલ તૈયાર કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. સર્વેની કામગીરી અસરકારક અને ઝડપી પૂર્ણ કરવા બદલ જિલ્લાના ખેડૂતો અને સરપંચોએ રાજ્ય સરકાર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી અને વહેલી તકે સહાયતા પ્રાપ્ત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. આ અંગે અમરેલી તાલુકાના નાના ભંડારિયાના ગ્રામસેવક કંચનબેન સાંગાણીએ જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આપવામાં આવેલી સૂચના અન્વયે વરસાદ



વિરામ લેતા જ આંકડિયા ગ્રુપના અમારા ગામ નાના ભંડારિયાના તમામ ખેડૂત ખાતેદારોની વિગતો મેળવી ખેતરે ખેતરે જઈ સર્વે અને રોજકામ કર્યું છે. અંદાજિત નુકસાનીનો અહેવાલ અમારા ગામોમાં પૂર્ણ થયો છે. મદદનીશ ખેતીનિયામક વિકાસ ડામોરના જણાવ્યા મુજબ સર્વે અને રોજકામની કામગીરી માટે અમરેલી જિલ્લામાં ૮૬ ટીમ દ્વારા ૬૨૬ ગામોમાં સર્વે અને પંચરોજકામની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ કામગીરીમાં ૮૬ ટીમો અને ૨૭ અધિકારીઓ, ૨૩૪ કર્મચારીઓની ટીમ નુકસાનીનો રિપોર્ટ તૈયાર કરવા માટે કામગીરી કરી રહી છે. નુકસાનીના અંદાજના રિપોર્ટનું સંકલન કરી સરકારને આપવામાં આવશે. ખેતીવાડી શાખા દ્વારા આ કમોસમી વરસાદ અંગે ખાસ પગલા લેવા ખેડૂતોને અનુરોધ કરેલો છે, જે માટેની માર્ગદર્શિકા પ્રસિધ્ધ કરવામાં આવી છે. તેમજ જિલ્લા કક્ષાએ અલાયદો કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવેલો છે. જેમાં હેલ્પલાઈન નંબર ૦૨૭૯૨ ૨૨૩૩૨૪ પર ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ કરીને મદદ કરવામાં આવી રહી છે.

# ચલાલા ખાતે આવેલ ત્રિવેણી સંગમ માનવ મંદિર દ્વારા તુલસી વિવાહ યોજાયા

**ઢોલ-નગારા સાથે શોભાયાત્રા વિવિધ માર્ગો પર ફરી**

અમરેલી,તા.૦૩

ચલાલા ખાતે આવેલ ત્રિવેણી સંગમ માનવ મંદિર દ્વારા તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું. મીઠાપુર ખાતેથી અશોકભાઈ જોશીના



નિવાસ્થાનેથી શોભાયાત્રા નીકળી હતી. વાજતે-ગાજતે ઢોલ નગારા અને શરણાઈઓ સાથે ઠાકોરજીની જાન શહેરના વિવિધ માર્ગો પર જેમાં શાકમાર્કેટ વિસ્તાર, મહાદેવ પરા તેમજ શહેરના વિવિધ માર્ગો પર નીકળેલ હતી. જેમાં આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. તુલસી વિવાહના સમગ્ર આયોજનમાં મંદિરના ટ્રસ્ટી જયસુખભાઈ ચૌહાણે જહેમત ઉઠાવી હતી.

# ધારીના ફટાકડા બજારમાં લુખ્ખાગીરી કરનારાઓને કાયદાનું ભાન કરાવતી પોલીસ

અમરેલી,તા.૦૩

ધારીના ફટાકડા બજારમાં દિવાળીની રાત્રે અક્રમ સંગાર અને અવેજ દલ નામના બે શખ્સોએ આતંક મચાવ્યો હતો. બંને શખ્સો બેઝબોલાના ધોકા અને બેટ લઈને બજારમાં નીકળ્યા હતા અને સામાન્ય લોકો સાથે ગાળાગાળી કરીને હેરાન કર્યા હતા. આ દરમિયાન એક પિતા અને ચાર વર્ષની માસૂમ બાળકીને આ શખ્સોએ માર માર્યો હતો. ફરિયાદ નોંધાયા બાદ ધારી



પોલીસે બંને શખ્સોની શોધખોળ શરૂ કરી હતી અને ૧૨ દિવસ બાદ બંને આરોપીઓની ધરપકડ કરી હતી. જેના બીજા દિવસે પોલીસ બંને આરોપીઓને લઈને ધારીના ફટાકડા બજારમાં લઈને આવી હતી. બંને આરોપીઓને પ્રથમ પોલીસ જીપના પાછળના ભાગે લગાવેલા વ્હિલને પકડાવીને પાછળથી દંડા માર્યા હતા. જે બાદ બંને આરોપીઓને ચાર પગે લચાવી પાછળથી દંડા મારીને કાયદાનું ભાન કરાવ્યું હતું.

**મગફળીનો ઉંચો ભાવ ૧૨૦૭ જ્યારે કપાસનો ઉંચો ભાવ ૧૫૬૦ બોલાયો**

# કમોસમી વરસાદ બાદ સાવરકુંડલા યાર્ડમાં કપાસ, મગફળની આવક

અમરેલી, તા.૦૩

સાવરકુંડલા શહેરમાં આવેલ માર્કેટ યાર્ડમાં મગફળી અને કપાસની આવક થઈ હતી. મગફળી ૧૦૦૦ મણ સાથે શિંગ જીણી નીચો ભાવ પ્રતિ મણ ૮૨૫, ઊંચો ભાવ પ્રતિ મણ ૧૨૦૭, સરેરાશ ભાવ પ્રતિ મણ ૧૦૭૫ જ્યારે શિંગ મોટી નીચો ભાવ પ્રતિ મણ ૮૫૦, ઊંચો ભાવ પ્રતિ મણ ૧૧૬૭, સરેરાશ ભાવ પ્રતિ મણ ૧૦૫૦ રહ્યો હતો. તો કપાસની કુલ આવક ૬૦૦૦ મણ નીચો ભાવ પ્રતિ મણ ૧૪૦૦, ઊંચો ભાવ પ્રતિ મણ ૧૫૬૦, સરેરાશ ભાવ પ્રતિ મણ ૧૪૭૦ રહ્યા હતા. આમ કમોસમી વરસાદ પછી યાર્ડમાં કપાસ અને મગફળીની આવક ચાલુ થઈ ગઈ છે.

**મગફળીની ૧૦૦૦ મણ અને કપાસની ૬૦૦૦ મણ આવક થઈ**

**પ્રેમસંબંધની આશંકામાં હત્યા થઈ હોવાનું અનુમાન**

# રાજુલામાં ગુમ થયેલા યુવકની હત્યા થઈ હોવાનો ખુલાસો

અમરેલી,તા.૦૩

રાજુલા શહેરમાંથી ૨૪ દિવસ અગાઉ ગુમ થયેલા ૪૨ વર્ષીય સુરેશભાઈ કરશનભાઈ સભાડિયાની હત્યાનો ભેદ ઉકેલાયો છે. પોલીસે આ કેસમાં એક આરોપીની ધરપકડ કરી છે. સુરેશભાઈ ૧૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ગુમ થયા હતા, જે અંગે તેમના



ભાઈ લાલજીભાઈએ રાજુલા પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી. રાજુલા પી.આઈ. એ.ડી. ચાવડાની ટીમે ટેકનિકલ સોર્સ અને બાતમીદારોની મદદથી તપાસ હાથ ધરતા એક શખ્સને રાઉન્ડઅપ કરી પૂછપરછ કરતા તેણે હત્યાની કબૂલાત કરી હતી. આરોપીએ લાશને ખાંભાના પીપળવા વિસ્તારમાં એક વોકળામાં ફેંકી દીધાનું જણાવ્યું હતું. આરોપીની કબૂલાત બાદ પોલીસે ઘટનાસ્થળે પહોંચી વોકળામાંથી બાંધેલી હાલતમાં લાશ શોધી કાઢી હતી, જેને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ભાવનગર હોસ્પિટલમાં ખસેડાઈ છે. પ્રાથમિક તપાસમાં મૃતક સુરેશભાઈના આરોપીની પત્ની સાથેના પ્રેમસંબંધના કારણે આ હત્યા થઈ હોવાનું પોલીસ માની રહી છે. રાજુલા પોલીસે આરોપી વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સાવરકુંડલામાં આરોપી પાસેથી મોટરસાયકલ અને સોનાની બે બુટી કબજે

અમરેલી,તા.૦૩

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ દ્વારા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાને સી.સી.ટી.વી. ફુટેજ આધારે તેમજ હ્યુમન સોર્સીસથી ડીટેકટ કર્યો છે. રાજુલા પોલીસ સ્ટેશનના મોટરસાયકલ ચોરીના



ગુનાને ડીટેકટ કરી મુદ્દામાલ રીકવર કરી આરોપી વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. આ ચોરીના આરોપી અલ્તાફભાઈ ઉર્ફે ટકો ઉસ્માનભાઈ ઝાખરા (ઉ.વ.૨૭ ) રહે. સાવરકુંડલા મારૂતિનગરને પકડી પાડેલ. તેની પાસેથી પોલીસે એક મોટરસાયકલ તથા સોનાની બુટી નંગ બે કબજે લીધી છે.

# મુખ્યમંત્રીના ખેડૂતલક્ષી અભિગમને આવકારતા જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી

અમરેલી, તા.૦૩

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલ નુકસાન સામે સંવેદનશીલતા દાખવી ઝડપી સહાય પ્રક્રિયા શરૂ કરવાનો દિશાનિર્દેશ આપ્યો છે. રાજ્ય સરકારે ૩ દિવસમાં સર્વે પૂર્ણ કરીને અહેવાલ મોકલવા



જિલ્લા તંત્રને આદેશ આપ્યા છે. ગાંધીનગર ખાતે યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી અને વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતાં. અમરેલી જિલ્લામાં રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્યો મહેશભાઈ કસવાલા, જે.વી. કાકડીયા, હીરાભાઈ સોલંકી અને જનકભાઈ તળાવીયાએ ખેડૂતોના ખેતરોની મુલાકાત લીધી હતી. જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ મુખ્યમંત્રીના ખેડૂતલક્ષી અભિગમ અને તાત્કાલિક કાર્યવાહી માટે પ્રશંસા વ્યક્ત કરી હતી.









### કમોસમી વરસાદથી થયેલા પાક નુકસાનીના વળતરની માંગ સાથે

# વડીયાથી 'ખેડૂત સત્યાગ્રહ' આંદોલનનો શુભારંભ, મામલતદારને આવેદન

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદથી થયેલા પાક નુકસાનના વળતરની માંગ સાથે જિલ્લા કોંગ્રેસે સોમવારે વડીયાથી 'ખેડૂત સત્યાગ્રહ' આંદોલનની શરૂઆત કરી છે, જે ૮ નવેમ્બર સુધી જુદા જુદા તાલુકામાં યોજાશે.આંદોલનના પ્રથમ દિવસે પૂર્વ વિપક્ષ નેતા પરેશભાઈ ધાનાણી અને પ્રતાપભાઈ દુધાતે ભાજપ અને 'આમ આદમી પાર્ટી' પર આકરા પ્રહારો કર્યા હતા. ધાનાણીએ 'આપ' અને 'બાપ' (ભાજપ) બંનેને એક જ માની પેદાશ ગણાવ્યા હતા. ધાનાણીએ જણાવ્યું કે, ખેડૂતોને વિઘે ૫૦,૦૦૦ રૂપિયાનું નુકસાન થયું છે અને સરકારની માર્ગદર્શિકા મુજબ એક વિઘો પાક ઉતારવા ૧૭,૨૩૫ રૂપિયા ખર્ચ થાય છે. કોંગ્રેસના નેતાઓએ શીંગ અને કપાસના ઝીંડવા માથે ઉપાડી વડીયા મામલતદાર કચેરી પહોંચી દેવા માફી અને તાત્કાલિક સહાયની માંગ કરી હતી.



#### નુકસાનનું પેકેજ નક્કી કરવાનો અધિકાર ખેડૂતોને છે

કોંગ્રેસ નેતા પરેશભાઈ ધાનાણીએ ગોપાલ ઇટાલિયાને સવાલ પૂછ્યો કે, ખેડૂતોને વિઘે રૂ.૧૭ હજારના ખર્ચ સામે માત્ર રૂ.૮ હજાર મળશે તો શું તમે 'દાદાના દરબારમાં મુજરો' કરવા જશો? તેમણે આક્રોશ વ્યક્ત કર્યો કે, ખેડૂતોને વિઘે રૂ.૫૦ હજારનું નુકસાન થયું છે અને પેકેજ નક્કી કરવાનો અધિકાર ખેડૂતોનો છે. ધાનાણીએ ચેતવણી આપી કે, ખેડૂતોને ગીરવે મૂકવાનું કામ કરનારને માફ નહીં કરવામાં આવે.

#### ભાજપની સરકારમાં ખેત ઉત્પાદનના ભાવ ઘટ્યા, ખાતરના વધ્યા : દુધાત

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે મનમોહન સિંહ સરકાર અને વર્તમાન સરકારના સમયના ખેત પેદાશ, ખાતર, બિયારણ અને ટ્રેક્ટરના ભાવની સરખામણી કરી. તેમણે જણાવ્યું કે મનમોહન સરકારમાં કપાસના ભાવ રૂ.૧૪૦૦ અને શીંગના ભાવ રૂ.૯૦૦ હતા. તેમણે કહ્યું કે તે સમયના ખેત ઉત્પાદનના ઊંચા ભાવ અને અન્ય વસ્તુઓના નીચા ભાવની સામે આજે સ્થિતિ ઊલટી છે, જ્યાં ખેડૂતોના ઉત્પાદનના ભાવ ઘટે છે અને ખાતરના ભાવ વધે છે. તેમણે સરકારને ખેડૂતોની વેદના સમજવા આ ભાવની સરખામણી કરવા જણાવ્યું હતું.

### એસ.ટી.નો વહીવટી કથળતા મુસાફરોની હાલાકીમાં વધારો

# અમરેલી એસ.ટી.ડિવિઝન દ્વારા મનસ્વી રીતે રૂટ બંધ કરાતા મુસાફરોમાં રોષ

અમરેલી,તા.૦૩

અમરેલી, સાવરકુંડલા અને મહુવા ST ડેપોના અનિયમિત વહીવટ અને મનસ્વી રીતે બસ બંધ કરવાના કારણે મુસાફરો મુશ્કેલીમાં મુકાયા છે. સાવરકુંડલા-મહુવા-સતાધાર રૂટની સવાર-બપોરની બસ મનસ્વી રીતે બંધ થઈ ગઈ છે. મહુવાથી અમરેલી, ચલાલા રૂટની બસો અનિયમિત છે, અને મહુવા ડેપોની આડોડાઈને કારણે ધારી-મહુવા-જૂનાગઢ રૂટની નિયમિત બસ બંધ થઈ છે. તહેવારોમાં હાલાકી ભોગવ્યા બાદ હવે ૬ નવેમ્બરથી શાળાઓ શરૂ થતાં વિદ્યાર્થીઓને પણ અસર થશે. મુસાફરો ST તંત્ર સમક્ષ નિયમિત રૂટની બસો ચલાવવાની તાત્કાલિક માંગ કરી રહ્યા છે.



તસવીર : પ્રતિકાત્મક

**આડેધડ બસ રૂટ બંધ થતા આવનારા સમયમાં વિદ્યાર્થીઓ પણ મુશ્કેલીમાં મુકાશે**

### ચેતન ધાનાણીની ઓડિયો કલીપ સોશિયલ મીડિયામાં વાયરલ થતા

# અમરેલી તાલુકા ભાજપ પ્રમુખે પોતાના હોદ્દા પરથી રાજીનામુ ધરી દીધુ

અમરેલી તા.૦૩

અમરેલી તાલુકા ભાજપ પ્રમુખ ચેતન ધાનાણીએ ચોક્કસ સમાજ પ્રત્યે બેફામ વાણી વિલાસ કર્યો હોવાની ઓડિયો ક્લિપ વાયરલ થતા આ ઘટનાની ગંભીરતા સમજી પક્ષને નુકસાન ન થાય તે માટે ચેતન ધાનાણીએ તાલુકા ભાજપ પ્રમુખમાંથી રાજીનામુ આપી દીધુ છે. અમરેલી તાલુકા ભાજપ પ્રમુખ ચેતન ધાનાણીએ જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીને મોકલેલા રાજીનામામાં જણાવ્યું છે કે મારા નામથી કથિત ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયામાં અત્યારે વાયરલ થયેલ છે જેના કારણે પાર્ટી ઉપર આક્ષેપો થઈ રહ્યા છે અને મારા દ્વારા પાર્ટીને નુકસાન ન થાય તે કારણોસર નૈતિકતાના ધોરણે હું તાલુકા ભાજપ પ્રમુખ અમરેલીના મારા પ્રમુખ પદ ઉપરથી સ્વેચ્છાએ રાજીનામું આપું છું. કાર્યકર્તા તરીકે હું હંમેશા પાર્ટીના હિત માટે તન મનથી કામ કરતો રહીશ તેમ અંતમાં ચેતન ધાનાણીએ જણાવ્યું હતું.

**તાલુકા ભાજપ પ્રમુખ ચેતન ધાનાણીએ જિલ્લા ભાજપ પ્રમુખને રાજીનામું મોકલી આપ્યું**

# ભોજલરામ નાગરિક શરાફી મંડળી-ચલાલાના સભાસદનું નિધન થતા વારસદારને ચેક અર્પણ

**ચેક અર્પણ કરતી વખતે મંડળીના ચેરમેન અને ડિરેક્ટરો હાજર રહ્યા**

અમરેલી,તા.૦૩

ભોજલરામ નાગરિક શરાફી સહકારી મંડળી ચલાલા શાખાના સભાસદ ધીરુભાઈ કાથરોટીયા રહે. ચલાલાનું અવસાન થતાં તેમના વારસદારને રૂપિયા બે લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. ચેક અર્પણ કરતી વખતે મંડળીના ચેરમેન ગોરધનભાઈ ગેડિયા, ડિરેક્ટરો ગીરધરભાઈ છભાયા, ગુણવંતભાઈ ભંડેરી, દિનેશભાઈ માલવીયા, ગિરધરભાઈ કાથરોટીયા, હર્ષિતભાઈ કાથરોટીયા, વિજયભાઈ કાથરોટીયા, મુકેશભાઈ રૂડાણી વગેરે આ તકે હાજર રહ્યા હતા તેમ મંડળીના સેક્રેટરી ક્રીનલબેન ગેડિયાની યાદીમાં જણાવાયું છે.



# અમરેલીમાં ૨૦૦થી વધુ સર્જકોનું રંગોળી પ્રદર્શન યોજાયું

અમરેલી,તા.૦૩

રંગ અને ઉજાસનો તહેવાર એટલે દીવાળી. આ ઉત્સવની ઓળખ એટલે અવનવી રંગોળી. એ અવસર નિમિત્તે કલાવાટિકા ફાઉન્ડેશન, અમરેલી દ્વારા રંગોળી સર્જનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૨૦૦થી વધુ સર્જકોએ પોતાની રંગકલા રજૂ કરી હતી. રંગોળી એ ચિત્રકલાનું અઘરું માધ્યમ છે. રંગની એક ચપટી ભરીને ચિત્રને જીવંત બનાવવું એ ખરેખર, એક સાધના છે.



# અમરેલી જિલ્લામાં માવઠાને કારણે ખેડૂતોના પાક ધિરાણ માફ કરવા માગણી

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લા કિસાન સંઘના પ્રમુખ સામતભાઈ જેબલિયાએ મામલતદારને આવેદનપત્ર આપી માગણી કરી છે કે, જિલ્લામાં તાજેતરમાં થયેલા માવઠાને કારણે મોટાભાગના ખેડૂતોનો પાક નિષ્ફળ ગયો છે અને તેમને મોટું આર્થિક નુકસાન થયું છે. આથી ખેડૂતોએ બેંક અથવા મંડળીમાં લીધેલું પાક ધિરાણ માફ કરવું જોઈએ અથવા તો ખેડૂતોને નુકસાની માટે એકર દીઠ વધુમાં વધુ વળતર આપવું જોઈએ. જિલ્લામાં શિયાળુ પાકના વાવેતર માટે રાસાયણિક ખાતરની જે અછત છે તે તાત્કાલિક દૂર કરીને જરૂરી વ્યવસ્થા કરવા માગણી છે.



### કમોસમી વરસાદે વધુ એક ઈસમનો ભોગ લીધો

# જાફરાબાદના વઢેરા ગામે પાણીના ખાડામાં ડૂબી જતા આધેડનું મોત

**શોધખોળના અંતે આધેડની લાશ પ્લોટ વિસ્તારમાં તણાયેલી હાલતમાં મળી આવી**

જાફરાબાદ,તા.૦૩

જાફરાબાદ તાલુકાના વઢેરા ગામે કમોસમી માવઠાના કારણે સર્જાયેલા પાણીના ખાડામાં ડૂબી જવાથી એક મજૂરનું કરુણ મોત નિપજ્યું છે. વઢેરા ગામના ૫૦ વર્ષીય મજૂર ગોવિંદભાઈ નારાયણભાઈ સોલંકી ખારાપાટ વિસ્તારમાં પાળા નજીક ડૂબી ગયા હતા. વહેલી સવારે ગુમ થયા બાદ પરિવારજનો અને ગ્રામજનો દ્વારા શોધખોળ કરવામાં આવી હતી. તેમની લાશ વઢેરાના પ્લોટ વિસ્તારમાં આવેલ પાળા પાસેથી તણાયેલી હાલતમાં મળી આવી હતી.



તસવીર : બાબુ વાઢેળ

# ગત વર્ષની જેમ આ વર્ષે પણ મીડિયાના મિત્રો માટે હેલ્થ ચેકઅપ કાર્યક્રમ યોજાશે

અમરેલી,તા.૦૩

ગત વર્ષની જેમ આ વર્ષે પણ મીડિયાના મિત્રો માટે 'હેલ્થ ચેકઅપ' કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે. જે અન્વયે આગામી તા.૨૦ નવેમ્બર,૨૦૨૫ ના રોજ રેડક્રોસ અમરેલી ખાતે મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે, જેની રજિસ્ટ્રેશન લિંક આ સાથે સામેલ છે. અમરેલી જિલ્લાના મીડિયાના મિત્રોને તેમના હેલ્થ ચેકઅપ માટે આ લીકમાં રજિસ્ટ્રેશન કરાવવા વિનંતી છે. હેલ્થ ચેકઅપના આગલા દિવસે એટલે કે, તા.૧૯મી નવેમ્બર,૨૦૨૫ના રોજ સાંજે લીકનું રજિસ્ટ્રેશન આપોઆપ બંધ થઈ જશે. જેથી તમામ મિત્રોને ઉક્ત તારીખ પહેલા સમયસર તેમનું રજિસ્ટ્રેશન લીંક https://forms.gle/huUmDWQKvA8Cp23z8 પર કરાવવા નમ્ર અનુરોધ છે.


દિપાવલી - નૂતન વર્ષ પર્વના સર્વોને અભિનંદન...

BLUE BUDDHA

END OF SEASON SALE

BUY 1@30% OFF

BUY 3@40% OFF

BUY 4@50% OFF

Visit our shop today to avail Amazing Offer

SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806

■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા

www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.



GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર

10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર

13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.

લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.



શું તમને સાંભળવાની તકલીફ છે ?

- આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ, જેથી તેઓ ફરીથી સાંભળી શકે આપણી વાત
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર

સ્પીચ અને હિયરીંગ ક્લિનીક

ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


## અવસાન નોંધ

**સાવરકુંડલા**

સ્વ.મધુભાઈ સવજીભાઈ રાઠોડ (ઉ.વ.૭૮)નુ તા.૦૧/૧૧/૨૦૨૫ને શનિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે વિજયભાઈ મધુભાઈ રાઠોડ પૂર્વ સદસ્ય પાલિકાના પિતાશ્રી થાય છે.

તેમનું પાણીઢોળ કારજ તારીખ.૧૨ ૧૧/૨૦૨૫ને બુધવારના રોજ તેમના નિવાસ સ્થાન શીવાજીનગર શેરી નંબર ચાર ખાતે રાખેલ છે.

## //એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૬૨/૨૦૨૫

અરજદાર :- શ્રી યુનુસભાઈ જમાલભાઈ મેમણ
રહે. એ/૧ અલ સિદીકનગર સર્વે નં. ૨૦૨, ૨૦૯
બી/એસ નસીબભાઈ ફોર્મ ફતેહવાડી, જુહાપુરા
અમદાવાદ શહેર -૩૮૦૦૫૫

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી, તા/જી-અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં યુનુસભાઈ જમાલભાઈ મેમણ તેમના બહેનશ્રી ઝરીનાબેન હાસમભાઈ ખીમાણીની પુત્રીશ્રી ફિરોઝા હાસમભાઈ ખીમાણીનો જન્મ (તા.૧૨/૦૨/૧૯૯૦) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૭/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
(એચ.એમ.તલાટી)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર

## કાળો જાદુ અને બળાત્કારનો સનસનીખેજ કેસ

# રાજુલામાં કેન્સર મટાડવાના બહાને તાંત્રિક વિધિના નામે દુષ્કર્મ

**પતિ-પત્ની સામે ફરિયાદ નોંધાઈ**

રાજુલા, તા.૩

રાજુલા પંથકમાં કેન્સર જેવી ગંભીર બીમારીનો લાભ લઈને એક મહિલા પર બળાત્કાર અને ધમકી આપવાનો સનસનીખેજ બનાવ સામે આવ્યો છે. પડોશમાં રહેતા પતિ-પત્નીએ મહિલાના ભાઈની બીમારીનો ફાયદો ઉઠાવી આ ગુનો આચર્યો હતો. બનાવ અંગે પીડિતાએ જયસુખભાઈ સવજીભાઈ કલસરીયા તથા પુજાબેન જયસુખભાઈ કલસરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, મહિલાના ભાઈ સાહેદ હુસૈનભાઈને આજથી આશરે ત્રણ વર્ષ પહેલાં કેન્સરની બીમારી થઈ હતી. પીડિતા અને આરોપીઓ પડોશમાં રહેતા હોવાથી એકબીજાને ઓળખતા હતા. આ પરિસ્થિતિનો ફાયદો ઉઠાવીને જયસુખભાઈ કલસરીયાએ તેમને "આ કેન્સર મટાડવા માટે તાંત્રિક વિધિ કરવી પડશે અને તારે મારી સાથે સૂવું પડશે." તેમ કહીને શરીર સંબંધ બાંધ્યો હતો. જે બાદ બંને આરોપીએ તેને તેમના ઘરે બોલાવી હતી. જયસુખભાઈ કલસરીયાએ તેની મરજી વિરુદ્ધ અવારનવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. તેમજ જયસુખભાઈ સાથે લગ્ન કરવા માટે દબાણ કર્યું હતું. લગ્ન નહીં કરે તો ફરિયાદી, તેમના ભાઈ અને માતાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ રીતે આરોપીએ ત્રણ વર્ષ સુધી અલગ-અલગ સમયે મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. બંને આરોપીઓના ત્રાસથી કંટાળીને ફરિયાદીએ પોતાની મેળે ફિનાઈલ પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જેથી સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ આર.એલ. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના જરખીયા ગામે આરટીઓ એજન્ટ પર જીવલેણ હુમલો કરાયો

**જાનથી મારવાની ધમકી આપી, ૧૧ લોકો સામે ફરિયાદ નોંધાઈ**

લાઠી, તા. ૩

લાઠીના જરખીયા ગામે આરટીઓ એજન્ટ પર ૧૧ લોકોએ જીવલેણ હુમલો કરીને જાનથી મારવાની ધમકી આપી હતી. અક્ષયભાઈ ગીગાભાઈ ડેર (ઉ.વ.૨૮)એ ભરતભાઈ રાણાભાઈ આલગોતર, રાવતભાઈ નાજાભાઈ આલગોતર, પારસભાઈ રઘુભાઈ આલગોતર, જયદિપભાઈ રઘુભાઈ આલગોતર, રવિભાઈ હરીભાઈ આલગોતર, વાસુરભાઈ લખાભાઈ આલગોતર, તેજાભાઈ નાજાભાઈ આલગોતર, રોહીતભાઈ મંગાભાઈ આલગોતર, જયેશભાઈ ગગજીભાઈ આલગોતર, શૈલેષભાઈ મુન્નાભાઈ આલગોતર તથા ધર્મેશભાઈ અમરશીભાઈ આલગોતર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીઓએ ગેરકાયદે મંડળી રચી તેમને તથા સાહેદને મુંઢમાર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવના પગલે ગામમાં ચકચાર મચી ગઈ હતી. લાઠી પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એમ. સોની વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરા તાલુકાના વાંડળીયા ગામે થયેલા હુમલાના ૬ આરોપીનું રી-કન્સ્ટ્રક્શન કરાયું

અમરેલી, તા.૦૩

બાબરા તાલુકાના વાંડળીયા ગામે થોડા દિવસ પહેલાં બે જૂથો વચ્ચે થયેલી અથડામણના મામલે બાબરા પોલીસે ઝડપી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે કુલ ૬ આરોપીઓને ઝડપી લીધા છે અને આજે ઘટનાનું રી-કન્સ્ટ્રક્શન સ્થળ પર કરવામાં આવ્યું હતું. બાઈક ચલાવવાની નાની બાબત પરથી શરૂ થયેલી



બોલાચાલીએ મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું, જેના કારણે બંને જૂથો વચ્ચે તણાવ સર્જાયો હતો. પોલીસે આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈ સમગ્ર ઘટનાક્રમની પુનઃરચના કરી, જેથી ઘટના કેવી રીતે બની તે સ્પષ્ટ થાય. રી-કન્સ્ટ્રક્શન દરમિયાન સ્થાનિક લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને કોઈ અણધાર્યો બનાવ ન બને તે માટે ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. બાબરા પોલીસ દ્વારા આ સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરાઈ છે.

# બાબરાના શિરવાણીયા ગામે જૂની અદાવતમાં પાંચ ઈસમોનો હુમલો

**એકને માથામાં ગંભીર ઈજા**

બાબરા, તા.૩

બાબરા તાલુકાના શિરવાણીયા ગામે સામાન્ય બોલાચાલી બાદ પાંચ જેટલા ઈસમોએ એક વ્યક્તિ પર જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી હતી. આ અંગે રણજીતભાઈ હરેશભાઈ ભડાણીયા (ઉ.વ.૧૯) એ વાલજીભાઈ સાદુળભાઈ રોજાસરા, ભુપતભાઈ સાદુળભાઈ રોજાસરા, રમેશભાઈ સાદુળભાઈ રોજાસરા, રોહીતભાઈ વાલજીભાઈ રોજાસરા તથા શંભુભાઈ ભીમજીભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ પોતાની વાડી-ખેતરે જઈ રહ્યા હતા, ત્યારે રસ્તામાં આરોપી વાલજીભાઈ સાદુળભાઈ રોજાસરાએ તેમને રોકીને ઝઘડો શરૂ કર્યો હતો. તેમને રોકીને પૂછ્યું કે, "તું કેમ બહુ કાતરુ મારે છે, તને બહુ પાવર છે?" આ બાબતે બોલાચાલી થતાં તે એકદમ ઉશ્કેરાઈ ગયો અને ફરિયાદીને ખરાબ ગાળો આપી મુંઢમાર માર્યો હતો. જે બાદ અન્ય આરોપીએ તેમને ગાળો આપી લોખંડના પાઈપનો એક ઘા પીઠના ભાગે અને એક ઘા ડાબા હાથની કોણીના ભાગે માર્યો હતો. જે બાદ ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા. ઉપરાંત તેમના કાકાને લોખંડના પાઈપનો એક ઘા માથામાં મારીને ગંભીર ઈજા પહોંચાડી હતી. આ હુમલા દરમિયાન આરોપીઓએ તેમને મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ અંગે ફરિયાદીએ પોલીસ સ્ટેશનમાં પાંચેય આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા.

# વીરપુર ગામના ખેડૂતો અને સરપંચોએ પાકના વળતર માટે ધારી પ્રાંત કચેરીમાં આવેદનપત્ર આપ્યું

ધારી, તા.૦૩

ધારી તાલુકાના વીરપુર ગામના તમામ ખેડૂતોએ સરપંચની આગેવાનીમાં કમોસમી વરસાદના કારણે ખેડૂતોનો પાક નષ્ટ થયો છે તેમાં તાત્કાલિક સહાય અંગે તાલુકા પંચાયત ધારી તેમ જ પ્રાંત કચેરી ખાતે આવેદનપત્ર પાઠવ્યું હતું.



કમોસમી વરસાદનો કહેર ધારી તાલુકાના મોટાભાગના ગામોમાં જોવા મળ્યો છે અને તમામ ખેડૂતોનો પાક નિષ્ફળ ગયો છે ત્યારે વીરપુર ગામના સરપંચ નીલુબેનની આગેવાની હેઠળ મોટાભાગના ખેડૂતોએ સોમવારે ટીડીઓ તેમ જ પ્રાંત કચેરી ખાતે રૂબરૂમાં જઈને આવેદનપત્ર પાઠવ્યું હતું. કમોસમી વરસાદના કારણે ખેડૂતોને થયેલ નુકસાનીમાં તાત્કાલિક સહાય તેમના ખાતામાં ચૂકવવા માટે આવેદનપત્રમાં માગણી કરવામાં આવી છે.

# વડીયા પંથકમાં તરૂણીનું અપહરણ કરનાર યુવકને ૨૦ વર્ષની સજા

અમરેલી, તા.૦૩

વડીયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૧૪ વર્ષની અભ્યાસ કરતી તરૂણીને ખેડા જિલ્લાના ગળથેશ્વર ગામે રહેતો આરોપી દોઢ વર્ષ પહેલાં લલચાવી ફોસલાવી અને બદકામ કરવા ઈરાદે મોટરસાયકલમાં બેસાડી ભગાડી લઈ ગયાની જે તે સમયે વડીયા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. આ અંગેનો કેસ અમરેલીના સ્પેશિયલ પોક્સો કોર્ટ અને ચોથા એડી. સેશન્સ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની ધારદાર દલીલ અને પુરાવાને કોર્ટે માન્ય રાખી સ્પે. જજ દ્વારા આરોપીને અલગ અલગ ગુનામાં ૨૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૫,૦૦૦ ના દંડની સજાનો હુકમ કર્યો હતો. આ બનાવમાં વડીયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૧૪ વર્ષની અભ્યાસ કરતી તરૂણીને ખેડા જિલ્લાના ગળથેશ્વર ગામે રહેતો આરોપી અશ્વીન ઉર્ફે રાજેશ રમેશભાઈ માચ્છી ગત તા.૯/૪/૨૪ ના રોજ બપોરના ૩ વાગ્યાના સમયે તરૂણીને ભગાડી લઈ ગયેલ તે અંગે જે તે સમયે વડીયા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

# પાણીની સમસ્યાને જાકારો : અમરેલીમાં દરરોજ પાણી વિતરણનો તખ્તો તૈયાર

અમરેલી, તા.૦૩

અમરેલી શહેરની આશરે બે લાખની વસ્તી માટે રોજ ૨૦ એમ.એલ.ડી. પાણીની જરૂરિયાત છે. જેને લઈ મહી પરીએજ યોજના, સ્થાનિક સ્ત્રોત એવા અમરેલી નજીક આવેલ ઠેબી ડેમ તથા વરૂડી વોટરવર્ક્સમાંથી ૨૦ એમ.એલ.ડી. પાણીનો જથ્થો હાલમાં મળી રહે છે. આ અંગે અમરેલી પાલિકાના વોટરવર્ક્સના



જવાબદાર અધિકારી ચિરાગ ગજેરાએ અમારા પ્રતિનિધિ મિલાપ રૂપારેલ સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, અમરેલીના હીરકબાગ ખાતે નવી બનાવાયેલ ઓવરટેંક શરૂ કરવામાં આવતાં અમરેલીના માણેકપરા-બી, માણેકપરા-સી, સુખનાથપરા, સરદારનગર, બટારવાડી તથા કથીરીયાપરા જેવા વિસ્તારોમાં આ હીરકબાગ ખાતેથી પાણી વિતરણ કરવામાં આવે છે. અને આ તમામ વિસ્તારોમાં એક બે દિવસોમાં દરરોજ પાણી વિતરણ કરવા માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવેલ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: શુક્લપક્ષ ચૌદશ તા. ૦૪-૧૧-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૬:૫૦, સૂર્યાસ્ત-૦૫:૫૬, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: રેવતી

## દૈનિક રાશિફળ

**તા.૦૪-૧૧-૨૦૨૫ મંગળવાર**

- મેષ: આજે વેપારના ક્ષેત્રમાં મનને સાનુકૂળ લાભ મળતા આનંદ થશે. આર્થિક સ્થિતિ આજે પહેલાં કરતા વધુ મજબૂત બનશે.
- વૃષભ: શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ માટે વિશેષ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ રહી છે. બુદ્ધિશાળી ભાષણ દ્વારા વ્યાવસાયિક વિવાદોના સમાધાનમાં સફળ થશો.
- મિથુન: બીજાની મદદ કરવામાં તમને આનંદ મળશે, તેથી તમારો દિવસ દાનમાં વિતાવશો. કમ્યુનિકેશન મીડિયાના ઉપયોગ દ્વારા વ્યાવસાયિક સિદ્ધિઓ પ્રાપ્ત થશે.
- કર્ક: પિતાના આશીર્વાદ અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઇચ્છા આજે પૂર્ણ થશે.
- સિંહ: રોજગાર ક્ષેત્રે તમારી ક્ષમતાઓમાં સુધારો કરીને તમને નવી તકો મળશે. તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે અને સંપત્તિ, માન, ખ્યાતિ વધશે.
- કન્યા: સામાજિક કાર્ય કરવાથી પ્રતિષ્ઠા વધશે. જીવનસાથીનો સંપૂર્ણ સહયોગ મળશે.
- તુલા: પિતાની સહાયથી આર્થિક પ્રગતિ થશે અને સમાજમાં તમારી નવી ઓળખ ઊભી થશે.
- વૃશ્ચિક: પરિવારમાં પ્રેમ અને ઉત્સાહનું વાતાવરણ રહેશે. કૌટુંબિક સંપત્તિ મેળવવાની પ્રબળ સંભાવના છે.
- ધન: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. જીવનસાથીનું સ્વાસ્થ્ય અચાનક બગડતા ભાગદોડ અને ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે.
- મકર: આજે ઘરની વસ્તુઓ પર પૈસા ખર્ચ થશે. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે નવી તકો મળશે. સાંસારિક આનંદ માણવાના માધ્યમોમાં વધારો થશે.
- કુંભ: પરિવાર સાથે નજીકમાં અને દૂર સુધીની સકારાત્મક યાત્રા પણ થઈ શકે છે. પારિવારિક બિઝનેસમાં વધતી પ્રગતિથી ખુબ ખુશી થશે.
- મીન: સંતાનો સાથે સારો સમય પસાર થશે. બપોર સુધીમાં ખુશખબર પણ મળશે. તમારા અને તમારા પરિવારના સ્વાસ્થ્યનું ધ્યાન રાખો.

# બાબરાના ગમા પીપળીયા ગામે તુલસી વિવાહનું ભવ્ય આયોજન

ગમા પીપળીયા, તા.૦૩

બાબરાના ગમા પીપળીયા ગામથી રામજી મંદિરના મહંત બાલકદાસ બાપુ તેમજ ગ્રામજનો અને ભાવિક ભાઈઓ, બહેનો, બાલિકાઓ સર્વો મોટી સંખ્યામાં કૃષ્ણ ભગવાનની જાન જોડી કોટડાપીઠા પધાર્યા હતા. કોટડાપીઠા અને ખાનપર વચ્ચે રાફડા વાળા ખોડિયાર માતાજી મંદિર દત્ત આશ્રમ આવેલ છે.



ત્યાં સમસ્ત કોટડાપીઠા તથા ખાનપર ગામ આયોજીત ચતુર્થ તુલસીવિવાહ મહોત્સવ ૨૦૨૫ મંદિરના મહંત લક્ષ્મણ ગીરીજી ગુરૂ મહંત અમીત ગીરીજી દ્વારા તુલસીવિવાહનું આયોજન કરવામાં આવેલ. અને ગમા પીપળીયાથી શાલીગ્રામ એટલે કે ઠાકોરજીની મોટી જાન આવેલ તેમની સાથે વરરાજા કૃષ્ણ ભગવાનના સામૈયા મંદિરના મહંત તેમજ ભકતજનો અને બાલિકાઓ દ્વારા કરવામાં આવેલ. પાવન પ્રસંગે યોજાયેલ ભોજન સમારંભમાં સર્વો ભાવિક ભકતોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

# રાજુલાના વૃંદાવન ધામ ખાતે તુલસી વિવાહ યોજાયા



અમરેલી, તા.૦૩

રાજુલાના વૃંદાવન બાગ ખાતે મહંત અને નિર્મોહી અખાડાના અધ્યક્ષ રાજેન્દ્ર બાપુના વૃંદાવનધામ ખાતે તુલસી વિવાહ યોજાયા હતા. સાંજના છ વાગ્યે ૨૫૦ વાહન સાથે રામપરા ગામે લાલભાઈના નિવાસસ્થાને ઉતારો આપ્યો હતો. ત્યારબાદ વૃંદાવન બાગ ખાતે રાજેન્દ્ર બાપુએ જાનના સામૈયા કર્યા હતા. રાતે ૧૦ કલાકે વૃંદા અને શ્યામના લગ્ન થયા હતા. મનસુખભાઈએ શાસ્ત્રોક્ત વિધિ કરી હતી. વૃંદાવન બાગમાં ૫,૦૦૦ જેટલા માણસોએ મહાપ્રસાદ માણ્યો હતો.

# સાવરકુંડલા શહેરમાં સંત મહાત્મા મુળદાસજીનો જન્મોત્સવ ઉજવાયો

સાવરકુંડલા, તા.૦૩

સાવરકુંડલા સમસ્ત લુહાર સમાજ અને મુળદાસ યુવક મંડળ દ્વારા લુહાર કુળભૂષણ સંત મહાત્મા મુળદાસજીની ૩૫૧ની જન્મજયંતિ વિક્રમ સવંત ૨૦૮૨ કારતક સુદ ૧૧ને તા.૨/૧૧/૨૦૨૫ના રોજ ભાવપૂર્વક ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે સંત મહાત્મા મુળદાસજીનું પૂજન, ધ્વજારોહણ અને આરતી હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી



તસવીર : સૌરભ દોશી

હતી. પૂજન વિધિનો લાભ કેશુભાઈ નારણભાઈ મકવાણા પરિવારમાંથી પ્રફુલાબેન તથા મહેશભાઈ કેશુભાઈ મકવાણાએ લીધો હતો. આ માંગલિક પ્રસંગે જ્ઞાતિના વડીલો, જ્ઞાતિ પ્રમુખ, કારોબારી કમિટી તેમજ જ્ઞાતિમાં ચાલતા દરેક મંડળ સહિત સમસ્ત લુહાર પરિવાર સહભાગી બન્યા હતા.

# બાબરાના કોટડાપીઠા ગામે પાણી પુરવઠાના હેડ વર્કમાંથી કોપર વાયર અને પ્લેટની ચોરી

બાબરા, તા.૩

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે પાણી પુરવઠા વિભાગના હેડ વર્ક ખાતે ચાલતા કામ દરમિયાન મોટી ચોરીની ઘટના સામે આવી હતી. ગત તારીખ ૨૭/૧૦/૨૦૨૫ ની રાત્રે આશરે ૮:૦૦ વાગ્યાથી ૨૮/૧૦/૨૦૨૫ ના સવારના ૯:૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન કોઈ અજાણ્યા ઈસમોએ આ ચોરીને અંજામ આપ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, અજાણ્યા ચોર ઈસમો કોટડાપીઠા ગામના પાણી પુરવઠા વિભાગના પાણીના સમ્પની દીવાલ કૂદીને ગેરકાયદેસર રીતે અંદર પ્રવેશ્યા હતા. અહીં દિવ્ય એન્ટરપ્રાઈઝ નામની કંપનીનું હેડ વર્કનું કામ ચાલી રહ્યું હતું. ચોર ટોળકીએ સિમેન્ટના ફાઉન્ડેશન પર રાખેલા કોકીલા ઈલેક્ટ્રિકલ્સ કંપનીના ૨૫૦ કિલોવોટના ટ્રાન્સફોર્મરને નિશાન બનાવ્યું હતું. ટ્રાન્સફોર્મરમાંથી આશરે ૨૦૦ કિલો વજનનો કોપરનો વાયર તથા કોપરની પ્લેટ કાઢી લેવામાં આવી હતી. ચોરી થયેલ કોપરની કિંમત પ્રતિ કિલોગ્રામ રૂ. ૪૫૩/- રૂપિયા લેખે ગણવામાં આવે તો, કુલ રૂ. ૯૦,૬૦૦/- ના મુદ્દામાલની ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધીને અજાણ્યા ઈસમોને ઝડપી પાડવા માટે આગળની તપાસ શરૂ કરી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જયદેવસિંહ ચંદુભા સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

# વિકસિત ભારતની પરીકલ્પના રાષ્ટ્રીય એકતા વિના અધૂરી છે

સ્વાતંત્ર્યના ૭૫ વર્ષો બાદ રાષ્ટ્રીય એકતાની પરિકલ્પના યોગ્ય રીતે સાકાર થઈ શકી નથી. એક ભારતીય નાગરિક તરીકેની સામૂહિક પહેચાન ધાર્મિક અને સામાજિક વિભાજનોના ઘેરા અંધકારમાં ડૂબેલી છે. જ્યાં હિંદુ-મુસ્લિમ, દલિત-સવર્ણ જેવા ભેદ સર્વોપરી બન્યા છે, ત્યાં સહિયારા વિકાસનો માર્ગ અવરૂદ્ધ થાય છે અને લોકશાહીની મૂળભૂત ભાવના પણ આંચકા ખાય છે. વિકાસના ઉડ્ડયન માટે રાષ્ટ્રીય એકતાની એકજૂટતા જ જરૂરી ઈંધણ છે. જાપાનમાં રાષ્ટ્રધર્મને સર્વોપરી ગણવામાં આવે છે. ત્યાં પણ લોકો ધાર્મિક છે. બૌધ્ધ અને તાઓ ધર્મ છે. હિન્દુ, મુસ્લિમ અને ખ્રિસ્તી સમુદાય પણ છે. પણ લોકો પોતાની જાતને ગૌરવપૂર્વક જાપાનીઝ તરીકે ઓળખાવે છે. આનાથી આજની તારીખે જાપાન સૌથી આગળ છે. આજે આઝાદીના દાયકાઓ બાદ ભારતીય સમાજ એક વિરોધાભાસી ચિત્ર પ્રસ્તુત કરે છે. એક તરફ જ્યાં આપણે ચંદ્રની ધરતી સર કરી ત્યાં બીજી તરફ વ્યક્તિ પોતાની મૂળભૂત ઓળખ 'ભારતીય નાગરિક' તરીકે સ્થાપિત કરવામાં પાછીપાની કરે છે.

હું ભારતીય છું તેમ કહેવાને બદલે હિંદુ, મુસલમાન, શીખ, ઈસાઈ જેવી ધાર્મિક ઓળખાણો આપે છે. અથવા પછી દલિત અને મહિલા તરીકેની સામાજિક પહેચાનો તેના અસ્તિત્વનું કેન્દ્રબિંદુ બની ગઈ છે. સ્વરાજનું ફરજંદ બનેલી આ બે નવી પહેચાનો દલિત અને મહિલા હકીકતમાં સ્વાતંત્ર્યની વરમાળામાં કાંટાની જેમ ભોંકાઈને લોકશાહીના શ્વાસને ગૂંગળાવી રહી છે. એવું નથી કે આ પહેચાનો નિરર્થક છે, પરંતુ જ્યારે તે એકમાત્ર પરિચય બની જાય, ત્યારે રાષ્ટ્ર માટે એકત્રિત થઈને ઊભા રહેવાને બદલે ટુકડાઓમાં વહેંચાઈ જાય છે. આ ઓળખનું રાજકારણ રાષ્ટ્રીય એકતા માટે નબળી કડી છે.

આ બધાની કિંમત સામાન્ય માનવીને ચુકવવી પડે છે. જીવનને ટૂંકાવીને જવાબદારીઓમાંથી મુક્ત થવા પ્રેરતી મોંઘવારી, શિક્ષણ, આરોગ્ય, સંપર્ક જેવી પ્રાથમિક સુવિધાઓની દુર્લભ સ્થિતિ વેંઢારતો સામાન્ય માણસ આજે નિરાશાના ઘેરા અંધકારમાં ભટકે છે. તે ખાતરીપૂર્વક કહે છે કે, ''જો જીતા વહી સિકંદર...'' પરંતુ આવા મહિમાગાન વચ્ચે સ્વરાજની લડત સમયે મહાત્મા ગાંધી અને હજારો સ્વાતંત્ર્યવીરોએ અપનાવેલ સાધનશુદ્ધિ રાહ આજે કોઈને યાદ પણ નથી. સાધનશુદ્ધિ, એટલે કે સાચા અને નૈતિક માર્ગો દ્વારા જ લક્ષ્ય સાધવું, તેનું સ્થાન આજે સાધન-નિરપેક્ષતાએ લઈ લીધું છે, જ્યાં લક્ષ્ય પ્રાપ્તિ માટે કોઈ પણ માર્ગ યોગ્ય ગણાય છે.

આજે આપણી સમક્ષ સૌથી મોટો પડકાર એ છે કે આપણે ધાર્મિક અને સામાજિક ઓળખોના આનુષંગિક મહત્વને નકાર્યા વિના, એક વ્યાપક ભારતીયતાની ભાવનાને કેવી રીતે પુનઃસ્થાપિત કરવી. લોકશાહીને માત્ર મતગણના અંકગણિતથી ઉપર ઉઠાવીને તેને એક નૈતિક અને સબળ પ્રક્રિયા બનાવવાની જરૂર છે. સ્વરાજના સપનાનો કિનારો ત્યારે જ સુરક્ષિત થશે જ્યારે પ્રત્યેક નાગરિકને તેની વ્યક્તિગત પહેચાનના આધારે નહીં, પણ એક ભારતીય તરીકેના તેના અધિકારો, ફરજો અને ગૌરવના આધારે ઓળખાણ મળશે. એક વિકસિત રાષ્ટ્રની યાત્રા ત્યારે જ પૂર્ણ ગણાશે જ્યારે તેની નાગરિક એકતાનો પાયો સદાકાળ મજબૂત અને અખંડિત રહેશે.

# વિકસિત ભારતના સપના સાકાર કરવા માટેનું યુવાનોનું સૌથી મોટું પ્લેટફોર્મ "માય ભારત"

માય ભારત (MY Bharat) એટલે યુવા શક્તિનું રાષ્ટ્રીય પ્લેટફોર્મ માય ભારત, જેનું પૂરું નામ મેરા યુવા ભારત છે, તે ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલું એક મહત્ત્વકાંક્ષી ડિજિટલ પ્લેટફોર્મ છે. આ પ્લેટફોર્મનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના યુવાનોને એક છત્ર હેઠળ લાવીને રાષ્ટ્ર નિર્માણની પ્રવૃત્તિઓમાં સક્રિયપણે જોડવાનો છે. માય ભારત યુવાનોને તેમના વ્યક્તિગત સપના સાકાર કરવા સાથે સાથે વિકસિત ભારત @૨૦૪૭ ના સામૂહિક વિઝનમાં યોગદાન આપવા માટે એક લોન્ચપેડ તરીકે કાર્ય કરે છે. તે યુવા ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે એક ઈકોસિસ્ટમ પૂરી પાડે છે, જ્યાં તેઓ સામાજિક ગતિશીલતા, શિક્ષણની અસમાનતાઓ દૂર કરવા અને વ્યવહારિક કૌશલ્યોથી સજ્જ થઈ શકે. આ નેટવર્ક યુવાનોને સ્વ-વિકાસ અને સમુદાયના પરિવર્તન માટે ઉત્પ્રેરક બનવાની તક આપે છે. પ્લેટફોર્મ પર અનુભવજન્ય શિક્ષણ (Experiential Learning) કાર્યક્રમો પર વિશેષ ભાર મૂકવામાં આવે છે, જે યુવાનોને સૈદ્ધાંતિક જ્ઞાન અને વાસ્તવિક દુનિયાના અમલીકરણ વચ્ચેનો સેતુ બાંધવામાં મદદ કરે છે. વિવિધ સરકારી વિભાગો, ખાનગી ક્ષેત્રો અને શૈક્ષણિક સંસ્થાઓના સહયોગથી યુવાનોને ઈન્ટર્નશિપ અને સ્વયંસેવક (વોલન્ટિયર) બનવાની અનેક તકો મળે છે. માય ભારત યુવાનોને તેમના કૌશલ્યો અને પ્રવૃત્તિઓ દર્શાવતી વ્યક્તિગત પ્રોફાઈલ બનાવવાની સુવિધા આપીને, સહકર્મીઓ અને




માર્ગદર્શકો સાથે નેટવર્કિંગની પણ સુગમતા પૂરી પાડે છે. આ પ્લેટફોર્મ માત્ર એક પોર્ટલ નથી, પરંતુ એક રાષ્ટ્રીય આંદોલન છે, જે ભારતના યુવાધનને સશક્ત કરીને તેમને આત્મનિર્ભર અને સમુદાયના મુદ્દાઓ પ્રત્યે સંવેદનશીલ નાગરિકો બનાવવાનું લક્ષ્ય ધરાવે છે.

સરકાર દ્વારા આપવામાં આવેલી નવીનતમ માહિતી અનુસાર, તેની શરૂઆતના બે વર્ષથી ઓછા સમયમાં, 'માય ભારત' એ એક અદ્ભુત રેકોર્ડ હાંસલ કર્યો છે. તે દેશનું સૌથી મોટું ડિજિટલ પ્લેટફોર્મ બન્યું છે, જે ૨૦ મિલિયનથી વધુ યુવાનો અને ૧.૨૦ લાખથી વધુ ભાગીદાર સંગઠનોને જોડે છે.

''માય ભારત'' કેન્દ્ર સરકાર દ્વારા દેશના યુવાનોને સશક્ત બનાવવા અને રાષ્ટ્રનિર્માણમાં તેમનું યોગદાન સુનિશ્ચિત કરવા માટે એક નોંધપાત્ર પહેલ તરીકે ઉભરી આવ્યું છે. તે માત્ર એક પ્લેટફોર્મ નથી, પરંતુ દેશના યુવાનો માટે આશા અને તકોના નવા દરવાજા ખોલી રહ્યું છે. સરકાર દ્વારા આપવામાં આવેલી નવીનતમ માહિતી અનુસાર, તેની શરૂઆતના બે વર્ષથી ઓછા સમયમાં, 'માય ભારત' એ નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે. તે દેશનું સૌથી મોટું ડિજિટલ પ્લેટફોર્મ બની ગયું છે, જે ૨૦ મિલિયનથી વધુ યુવાનો અને ૧,૨૦,૦૦૦ થી વધુ ભાગીદાર સંગઠનોને જોડે છે. આ દર્શાવે છે કે આપણા યુવાનો દેશના વિકાસમાં યોગદાન આપવા માટે કેટલા ઉત્સુક છે.

'માય ભારત' શું છે? તે જાણવું જરૂરી છે. એવી જગ્યાની કલ્પના કરો જ્યાં દેશના દરેક યુવાનો નોંધણી કરાવી શકે, તેમની

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ડિજિટલ ઓળખ બનાવી શકે, તકો શોધી શકે અને તેમની મહેનતના પરિણામો પણ જોઈ શકે - આ 'માય ભારત' પોર્ટલ છે. તે એક ડિજિટલ સેન્ટર છે જે યુવાનોને વિવિધ તકો સાથે જોડે છે .તેની નોંધણી સરળ છે.

જેનાથી તમને ડિજિટલ ID મળે છે, પ્લેટફોર્મ તમને તમારી કુશળતા અને રુચિઓના આધારે યોગ્ય તકો શોધવામાં મદદ કરે છે. સૌથી સારી વાત એ છે કે તમે વાસ્તવિક સમયમાં જોઈ શકો છો કે તમારા કાર્ય પર કેવી અસર પડી રહી છે!

આજે, 'માય ભારત' પર ૧.૪૫ મિલિયનથી વધુ સ્વયંસેવી તકો ઉપલબ્ધ છે. તે ૧૬,૦૦૦ થી વધુ યુવા ક્લબના સભ્યો અને ૬૦,૦૦૦ થી વધુ સંસ્થાકીય ભાગીદારોના વિશાળ નેટવર્કને જોડે છે. આમાં સરકારી સંસ્થાઓ, શાળાઓ, કોલેજો અને અસંખ્ય બિન-સરકારી સંસ્થાઓ (NGO)નો સમાવેશ થાય છે, જે યુવાનોને પ્લેટફોર્મમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરે છે.

'માય ભારત' હવે મોબાઈલ પર ઉપલબ્ધ છે -

આજકાલ દરેક વ્યક્તિ પોતાના મોબાઈલ ફોન પર છે, ખરું ને? આને ધ્યાનમાં રાખીને, કેન્દ્ર સરકારે આ મહિનાની શરૂઆતમાં 'માય ભારત' મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરી. આ એપ્લિકેશન યુવાનોની ભાગીદારીને વધુ સરળ અને મોબાઈલ-ફ્રેન્ડલી બનાવે છે.

આ એપ તમારા સ્માર્ટફોનમાં પોર્ટલની બધી મુખ્ય સુવિધાઓ લાવે છે, જેનાથી તમે ગમે ત્યાં, ગમે ત્યારે તકો શોધી શકો છો, નોંધણી કરાવી શકો છો અને તમારા પસંદ કરેલા હેતુમાં ભાગ લઈ શકો છો. હવે, યુવા સેવા માટે વધુ રસ્તા ખુલી ગયા છે, ફક્ત એક ટેપ દૂર! આ પ્લેટફોર્મ દેશના યુવાનો માટે સેવા, નેતૃત્વ અને કૌશલ્ય શિક્ષણ માટે નવી તકો પૂરી પાડી રહ્યું છે. તેની સફળતા ઘણી મહત્વપૂર્ણ ભાગીદારી અને એમઓયુ દ્વારા પ્રેરિત છે, જેણે તેને વધુ મજબૂત બનાવ્યું છે.

AI સાથે ભવિષ્ય માટે તૈયારી! 'માય ભારત' અહીં અટકતું નથી! ૩૦ જૂન, ૨૦૨૫ ના રોજ, યુવા બાબતો અને રમતગમત મંત્રાલય અને ડિજિટલ ઈન્ડિયા કોર્પોરેશન વચ્ચે એક મહત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરાર 'માય ભારત ૨.૦' ના વિકાસ તરફ એક મુખ્ય પગલું છે.

'માય ભારત ૨.૦' આગામી પેઢીનું, AI-સંચાલિત, બહુભાષી પ્લેટફોર્મ હશે. તેમાં સ્માર્ટ ટીવી બિલ્ડર, વૉઇસ-સહાયિત નેવિગેશન, મેન્ટરશિપ નેટવર્ક અને અનુભવલક્ષી શિક્ષણ મોડ્યુલ જેવી શક્તિશાળી સુવિધાઓ સામેલ હશે. આ પ્લેટફોર્મ યુવાનો માટે વધુ વ્યક્તિગત અને ઈન્ટરેક્ટિવ અનુભવ પ્રદાન કરશે. AI ની મદદથી, તે તેમની રુચિઓ અને જરૂરિયાતોના આધારે તકો અને શીખવાની સામગ્રી સૂચવી શકશે, તેમના શીખવાના અનુભવને વધુ વધારશે. ૪.૧ લાખ યુવા નેતાઓને તાલીમ - 'માય ભારત' ફક્ત તકો પૂરી પાડવા પૂરતું મર્યાદિત નથી, પરંતુ યુવાનોને ભવિષ્યના નેતાઓમાં ઘડવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે. આ સંદર્ભમાં, ૧૩ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ સ્કૂલ ઓફ અલ્ટીમેટ લીડરશીપ ફાઉન્ડેશન (SOUL) સાથે બીજી એક મોટી ભાગીદારી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

આ ભાગીદારીનો ધ્યેય આગામી ત્રણ વર્ષમાં વિવિધ ક્ષેત્રોના ૧૦૦,૦૦૦ યુવા નેતાઓને વિકસાવવાનો છે. આ નેતાઓને તેમના સમુદાયો અને દેશમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે તાલીમ આપવામાં આવશે. આ દર્શાવે છે કે 'માય ભારત' ફક્ત સંખ્યાઓ પર જ નહીં, પણ ગુણવત્તા પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. આવા નેતાઓ દેશના દરેક ખૂણામાં પરિવર્તનની લહેર લાવી શકે છે.

'માય ભારત ૨.૦' ભવિષ્યમાં તેના વ્યાપને વધુ વિસ્તૃત કરશે, જેમાં ઘણી નવી સુવિધાઓ ઉમેરવામાં આવશે. તેમાં કારકિર્દી સલાહ, AI-આધારિત કૌશલ્ય મેપિંગ (તમારી શક્તિઓના આધારે યોગ્ય કુશળતા શોધવા), ઉદ્યોગસાહસિકતા સહાય અને ડિજિટલ પ્રમાણપત્ર જેવી સુવિધાઓ સામેલ હશે. અંતિમ ધ્યેય તેને ગ્લોબલ સાઉથ (એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાના વિકાસશીલ દેશો) માં સૌથી મોટું યુવા ડિજિટલ નેટવર્ક બનાવવાનું છે. આ એક એવું પ્લેટફોર્મ હશે જે ફક્ત ભારતીય યુવાનોને જ નહીં પરંતુ વિશ્વભરના યુવાનોને પણ જોડશે.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૫૭૧ |
| ઘઉં લોકવન | ૫૧૯ | ૫૪૭ |
| ઘઉં ટુકડા | ૫૧૪ | ૬૧૧ |
| જુવાર સફેદ | ૮૨૪ | ૯૧૭ |
| બાજરી | ૨૭૦ | ૪૭૨ |
| મકાઇ | ૩૦૦ | ૪૧૦ |
| તુવેર | ૧૦૭૦ | ૧૪૩૪ |
| ચણા પીળા | ૯૨૫ | ૧૧૧૧ |
| ચણા સફેદ | ૧૧૫૧ | ૧૯૯૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૪૨૦ |
| મગ | ૯૦૦ | ૧૫૫૦ |
| વાલ દેશી | ૪૫૦ | ૧૦૪૦ |
| ચોળી | ૮૨૦ | ૯૫૪ |
| મઠ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૯૦૦ | ૧૯૫૦ |
| રાજમા | ૧૦૫૦ | ૧૭૫૧ |
| મગફળી જાડી | ૮૪૦ | ૧૧૭૫ |
| મગફળી જીણી | ૯૨૦ | ૧૩૨૦ |
| તલી | ૧૮૫૦ | ૨૩૦૦ |
| એરંડા | ૧૨૫૦ | ૧૩૨૪ |
| અજમો | ૧૦૨૫ | ૧૫૦૦ |
| સુવા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| સોયાબીન | ૮૧૧ | ૮૯૦ |
| સીંગફાડા | ૯૭૫ | ૧૩૭૫ |
| કાળા તલ | ૩૪૨૫ | ૪૬૫૦ |
| લસણ | ૪૧૫ | ૯૦૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૪૦૦ |
| મરચા સુકા | ૨૦૦૦ | ૩૦૦૦ |
| ધાણી | ૧૨૫૦ | ૧૪૫૦ |
| વરીયાળી | ૧૦૩૫ | ૧૫૦૦ |
| જીરૂ | ૩૩૨૦ | ૩૮૦૦ |
| રાય | ૧૭૧૫ | ૧૭૧૫ |
| મેથી | ૧૦૩૦ | ૧૩૪૦ |
| ઇસબગુલ | ૮૦૦ | ૧૫૦૦ |
| કલોંજી | ૩૦૦૦ | ૪૭૪૭ |
| રાયડો | ૧૨૮૦ | ૧૨૮૭ |
| રજકાનું બી | ૬૫૫૦ | ૭૬૫૦ |
| ગુવારનું બી | ૮૦૦ | ૮૭૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૨૧ | ૮૧૧ |
| પપૈયા | ૬૫ | ૧૦૭ |
| બટેટા | ૨૫૧ | ૬૩૧ |
| ડુંગળી સુકી | ૫૧ | ૨૬૫ |
| ટમેટા | ૩૨૫ | ૫૧૮ |
| સુરણ | ૭૭૬ | ૯૨૧ |
| કોથમરી | ૪૪૧ | ૮૧૮ |
| મુળા | ૨૧૫ | ૩૩૮ |
| રીંગણા | ૫૩૮ | ૧૪૩૧ |
| કોબીજ | ૧૦૬ | ૧૭૧ |
| ફ્લાવર | ૪૫૧ | ૬૯૮ |
| ભીંડો | ૪૪૫ | ૬૬૩ |
| ગુવાર | ૬૪૨ | ૧૫૩૦ |
| ચોળાસીંગ | ૪૯૮ | ૬૧૫ |
| વાલોળ | ૫૬૧ | ૯૯૮ |
| ટીંડોરા | ૨૪૧ | ૭૧૫ |
| દુધી | ૧૯૮ | ૪૧૯ |

| | | |
|---|---|---|
| કારેલા | ૩૮૧ | ૪૯૩ |
| સરગવો | ૫૫૮ | ૧૪૩૧ |
| તુરીયા | ૬૫૧ | ૯૬૩ |
| પરવર | ૬૫૩ | ૮૩૧ |
| કાકડી | ૩૯૬ | ૬૪૨ |
| ગાજર | ૪૯૮ | ૮૧૧ |
| વટાણા | ૨૬૦૮ | ૩૨૪૮ |
| ગલકા | ૪૩૧ | ૬૯૮ |
| બીટ | ૨૦૫ | ૫૪૮ |
| મેથી | ૩૩૪ | ૬૨૧ |
| વાલ | ૬૦૫ | ૧૨૧૬ |
| ડુંગળી લીલી | ૨૦૮ | ૪૧૮ |
| આદુ | ૧૧૨૫ | ૧૪૩૧ |
| ચણા લીલા | ૩૯૬ | ૭૧૮ |
| મરચા લીલા | ૧૪૪ | ૬૨૫ |
| હળદર લીલી | ૫૯૩ | ૮૧૯ |
| લસણ લીલું | ૧૨૧૮ | ૨૧૩૮ |
| મકાઇ લીલી | ૧૨૩ | ૨૮૫ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૧૧ | ૧૫૫૬ |
| ઘઉં લોકવન | ૫૧૮ | ૫૭૨ |
| ઘઉં ટુકડા | ૫૧૪ | ૬૪૦ |
| મગફળી જીણી | ૯૦૧ | ૧૧૫૬ |
| સિંગ ફાડીયા | ૭૦૧ | ૧૨૯૬ |
| એરંડા/ એરંડી | ૯૫૧ | ૧૩૦૧ |
| જીરૂ | ૨૭૫૧ | ૩૮૮૧ |
| કલંજી | ૧૭૦૧ | ૪૮૪૧ |
| વરીયાળી | ૧૦૩૧ | ૧૦૩૧ |
| ધાણા | ૮૦૧ | ૧૬૮૧ |
| લસણ સુકું | ૫૦૧ | ૯૮૧ |
| ડુંગળી લાલ | ૯૧ | ૩૦૧ |
| અડદ | ૬૦૧ | ૧૩૭૧ |
| તુવેર | ૮૫૧ | ૧૪૧૧ |
| રાયડો | ૧૦૪૧ | ૧૧૦૧ |
| રાય | ૧૫૪૧ | ૧૫૪૧ |
| મેથી | ૬૬૧ | ૧૦૦૧ |
| કાંગ | ૪૨૧ | ૫૭૧ |
| મગફળી જાડી | ૫૫૦ | ૧૧૪૧ |
| સફેદ ચણા | ૧૦૯૧ | ૧૯૭૧ |
| મગફળી ૬૬ | ૯૦૦ | ૧૩૦૧ |
| તલ - તલી | ૧૬૫૧ | ૨૨૪૧ |
| ઇસબગુલ | ૧૭૫૧ | ૧૭૫૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૬૭૧ |
| બાજરો | ૨૭૧ | ૪૧૧ |
| જુવાર | ૭૯૧ | ૮૧૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૧૧ |
| મગ | ૪૧૧ | ૧૬૧૧ |
| ચણા | ૯૫૧ | ૧૧૩૧ |
| વાલ | ૩૦૧ | ૯૦૧ |
| ચોળા / ચોળી | ૫૨૧ | ૯૩૧ |
| સોયાબીન | ૭૪૧ | ૯૭૬ |
| અજમાં | ૧૨૮૧ | ૧૩૯૧ |
| કળથી | ૨૧૧ | ૫૭૧ |
| ગોગળી | ૬૦૦ | ૯૬૬ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૫૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |


| | | |
|---|---|---|
| ગુવાર | ૫૮૦ | ૧૬૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૦૦ |
| દુધી | ૧૬૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૮૦ | ૭૦૦ |
| કાકડી | ૧૮૦ | ૮૦૦ |
| રીંગણા | ૧૬૦ | ૧૪૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૭૦૦ |
| ગાજર | ૪૦૦ | ૧૩૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| તુવેર | ૫૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૫૮૦ | ૧૨૦૦ |
| વટાણા | ૩૯૮૦ | ૫૦૦૦ |
| બટેટા | ૩૪૦ | ૪૫૦ |
| લીલી હળદર | ૮૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી પુરા | ૩ | ૮ |
| કોથમીર પુરા | ૧ | ૬ |
| મૂળા પુરા | ૫ | ૮ |
| ફોદીનો પુરા | ૨ | ૬ |
| આંબલી | ૭૦૦ | ૮૦૦ |
| કાચા કેળા | ૮૦ | ૨૦૦ |
| ચ્રણ | ૯૮૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૭૦૦ |
| મેથી પુરા | ૧ | ૮ |
| બીટ પુરા | ૫ | ૨૦ |
| ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| કારેલા | ૩૦૦ | ૮૦૦ |
| વાલોર | ૪૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૪૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૪ | ૫ |
| પાલક પુરા | ૧ | ૩ |
| જામફળ | ૩૦૦ | ૮૦૦ |
| દાડમ | ૩૦૦ | ૧૨૦૦ |
| સફરજન | ૬૦૦ | ૧૨૦૦ |
| પોપૈયા | ૩૦૦ | ૬૦૦ |
| સીતાફળ | ૨૦૦ | ૧૦૦૦ |
| કેળા | ૩૮૦ | ૫૨૦ |
| સંતરા | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ક્મલમ | ૮૦૦ | ૨૧૦૦ |
| ગુલાબ | ૫૦૦૦ | ૫૨૦૦ |
| અનાનસ | ૮૦૦ | ૧૦૦૦ |
| મોસંબી | ૩૦૦ | ૬૦૦ |
| કીવી | ૪૦૦૦ | ૫૬૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૬૦૧ | ૧૦૮૬ |
| શિંગ મોટી | ૬૩૦ | ૧૨૪૦ |
| શિંગદાણા | ૮૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૦૯૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૨૨૭૫ | ૪૭૫૫ |
| તલ કાશ્મીરી | ૧૩૪૦ | ૨૩૫૫ |
| જુવાર | ૬૨૨ | ૬૨૨ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૯૫ |
| ઘઉં લોકવન | ૪૭૨ | ૫૬૯ |
| ચણા | ૮૮૦ | ૧૦૭૧ |

| | | |
|---|---|---|
| કપાસ | ૭૯૯ | ૧૫૬૭ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૬૭ |
| જીરૂ | ૨૨૦૦ | ૩૫૮૫ |
| સોયાબીન | ૭૩૫ | ૮૮૭ |
| રાય | ૧૪૪૦ | ૧૪૬૦ |
| અજમા | ૧૦૦૦ | ૧૩૩૦ |
| રજકાની બી | ૩૧૦૦ | ૮૨૦૦ |
| કાંગ | ૨૯૫ | ૪૩૬ |
| સફેદ ચણા | ૯૩૦ | ૧૦૭૧ |
| છોલે ચણા | ૬૨૦ | ૧૫૩૫ |
| ગીરનારી શીંગ | ૮૮૦ | ૧૨૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૪૦૦ | ૪૬૦ |
| રીંગણા | ૮૦૦ | ૧૬૦૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૫૦ |
| શકકરીયા | ૬૪૦ | ૯૦૦ |
| ટમેટાં | ૩૫૦ | ૪૦૦ |
| સુરણ | ૭૧૦ | ૮૨૦ |
| ગાજર | ૮૦૦ | ૧૧૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૫૦૦ | ૮૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| મુળા | ૨૦૦ | ૨૪૦ |
| કાકડી | ૨૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૭૦૦ |
| વટાણા | ૩૦૦૦ | ૪૦૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૨૦ |
| આમળા | ૬૨૦ | ૮૪૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૦૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૫૦૦ | ૬૦૦ |
| તુવેર | ૫૦૦ | ૬૦૦ |
| સરગવો | ૧૬૦૦ | ૨૦૦૦ |
| લીમડો મીઠો | ૨૯૦ | ૩૧૦ |
| મરચાં લીલાં | ૪૫૦ | ૧૨૦૦ |
| મરચાં લાલ | ૧૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૨૫૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૧૬૦૦ | ૨૦૦૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૧૨૪૦ |
| લીંબુ | ૪૦૦ | ૬૦૦ |
| આમળા | ૬૨૦ | ૮૪૦ |
| વાળ | ૧૦૦૦ | ૧૨૨૦ |
| ચોળા | ૬૦૦ | ૮૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર નવો | ૧૧૫૦ | ૧૫૪૦ |
| કપાસ મીડીયમ | ૯૫૦ | ૧૨૫૦ |
| મગફળી | ૯૩૦ | ૧૧૩૦ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| તલ કાળા | ૨૬૩૦ | ૩૪૫૦ |
| જીરૂ | ૨૮૮૦ | ૩૬૫૦ |
| ઘઉં | ૪૭૬ | ૫૩૪ |
| અડદ | ૯૯૫ | ૧૧૫૦ |
| મગ | ૧૨૯૦ | ૧૪૭૦ |
| સોયાબીન | ૭૮૦ | ૮૩૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૦ | ૧૧૨૦ |
| શીંગ મોટી | ૮૫૦ | ૧૦૫૧ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૩૬૭ |
| તલ કાળા | ૩૨૦૦ | ૪૩૮૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૭૫૦ |
| ઘઉં લોકવન | ૫૧૧ | ૬૦૧ |
| ઘઉં ટુકડા | ૫૮૦ | ૬૧૩ |
| બાજરો | ૨૮૦ | ૫૨૧ |
| જુ વાર | ૬૦૦ | ૯૧૫ |
| મકાઈ | ૩૯૦ | ૫૩૫ |
| મગ | ૧૦૦૦ | ૧૭૫૦ |
| અડદ | ૮૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૨૪૦ |
| ધાણા | ૯૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૮૫૦ | ૮૯૦ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૩૦૦ | ૧૫૩૭ |
| કપાસ કોડી | ૮૦૧ | ૧૧૧૧ |
| મગફળી | ૮૦૫ | ૧૦૫૬ |
| ઘઉ | ૫૦૫ | ૫૪૩ |
| ચણા | ૮૦૧ | ૧૦૨૬ |
| છોલેચણા | ૧૭૨૦ | ૧૭૨૦ |
| મગ | ૯૬૦ | ૧૫૫૧ |
| અડદ | ૯૦૦ | ૧૦૮૧ |
| તલ | ૧૪૦૧ | ૧૪૦૧ |
| શીગદાણા | ૧૦૪૦ | ૧૧૧૧ |
| સોયાબીન | ૫૫૦ | ૮૪૧ |
| શીંગ | ૧૦૭૬ | ૧૦૭૬ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૦૦ |
| કપાસ | ૧૦૪૦ | ૧૫૪૪ |
| બાજરો | ૩૫૦ | ૫૧૧ |
| ઘઉં ટુકડા | ૪૬૫ | ૬૦૧ |
| જુવાર | ૫૨૫ | ૯૬૦ |
| અડદ | ૯૦૦ | ૧૦૫૫ |
| તુવેર | ૧૨૩૬ | ૧૨૩૬ |
| ચણા | ૯૦૦ | ૧૧૨૩ |
| મેથી | ૧૦૭૬ | ૧૦૭૬ |
| સોયાબીન | ૬૨૫ | ૮૩૯ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૯૦૧ | ૧૫૭૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૫૦ |
| ચણા | ૭૫૧ | ૧૦૭૬ |
| અડદ | ૮૦૧ | ૧૨૭૬ |
| મગફળી | ૫૦૧ | ૧૧૧૧ |
| શીંગ ફાડા | ૯૫૧ | ૧૦૫૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૩૫૧ |
| સોયાબીન | ૬૫૧ | ૮૫૧ |
| મેથી | ૫૦૧ | ૮૦૧ |
| જીરૂ | ૨૫૦૧ | ૩૫૫૧ |
| ધાણા | ૮૦૧ | ૧૪૦૧ |

| | | |
|---|---|---|
| લસણ | ૨૦૧ | ૩૧૬ |
| સોયાબીન | ૭૦૧ | ૮૭૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૧૬ |
| ઘઉં લોકવન | ૪૧૦ | ૫૭૧ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૭૧ |
| ચણા સફેદ | ૧૦૪૫ | ૧૦૭૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૭૯ |
| તુવેર | ૧૧૫૫ | ૧૧૭૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૫૧ |
| અડદ | ૭૪૦ | ૧૧૮૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૫૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૧૯૬૦ |
| તલ કાળા | ૨૮૦૫ | ૨૮૧૫ |
| શીંગફાડા | ૧૦૧૦ | ૧૦૫૫ |
| મગફળી | ૬૫૫ | ૧૦૦૧ |
| મગ | ૯૪૦ | ૯૫૦ |
| લસણ | ૩૬૫ | ૬૫૦ |
| રજકા બી | ૭૪૦૦ | ૭૫૦૦ |
| કાંગ | ૩૫૦ | ૩૬૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૦૫૦ | ૧૫૩૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૮૧ | ૧૫૩૦ |
| કપાસ કોઠી | ૬૯૦ | ૮૦૦ |
| મગફળી | ૬૦૦ | ૭૫૩ |
| ચણા | ૧૦૬૦ | ૧૦૬૦ |
| તલ સફેદ | ૧૯૩૫ | ૧૯૩૫ |
| ઘઉં | ૫૨૭ | ૫૨૭ |
| **કોડીનાર** | | |
| બાજરી હાઈ. | ૩૭૦ | ૫૬૮ |
| ઘઉ | ૪૫૦ | ૫૯૨ |
| જુવાર | ૬૫૦ | ૮૯૨ |
| અડદ | ૭૦૦ | ૧૩૫૨ |
| સફેદ તલ | ૧૫૦૦ | ૧૯૪૮ |
| સોયાબીન | ૭૨૫ | ૮૮૮ |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૪૧ |
| **જામનગર** | | |
| બાજરો | ૨૦૦ | ૪૩૦ |
| ઘઉં | ૪૮૦ | ૫૬૮ |
| મગ | ૧૩૦૦ | ૧૮૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૪૦૫ |
| ચોળી | ૪૨૦ | ૯૭૦ |
| વાલ | ૪૫૦ | ૫૯૦ |
| ચણા | ૯૫૦ | ૧૧૩૧ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૧૭૧૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૧૨૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૧૦ |
| મગફળી ૬૬નં. | ૯૦૦ | ૧૨૩૫ |
| મગફળી ૯ નં. | ૧૦૦૦ | ૧૮૨૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૩૦૪ |
| તલ | ૧૨૦૦ | ૨૩૦૦ |
| રાયડો | ૧૦૫૫ | ૧૨૩૫ |
| રાઈ | ૧૨૦૦ | ૧૬૭૦ |
| લસણ | ૪૦૦ | ૮૭૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૫૦ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૭૨૫ |
| અજમો | ૧૦૬૦ | ૩૧૯૫ |

## શબ્દ સંજોગ-૨૦૯૪



**આડી ચાવી :**
(૧) મોર (૩)
(૩) એક દિવસની મુસાફરી જેટલું અંતર (૩)
(૬) માળનો બહાર પડતો ભાગ (૩)
(૭) યુદ્ધ (૩)
(૮) ઔષધ ઘૂંટવાનો ઘડેલો પથ્થર (૨)
(૯) એક ફૂલ (૩)
(૧૧) યથા રાજા તથા ..... (૨)
(૧૩) બફારો, તાપ (૨)
(૧૫) મોટું નગારૂં (૩)
(૧૭) કિનારો, કાંઠો (૨)
(૨૦) હકારવાચક શબ્દ (૧)
(૨૧) ચક્રવ્યૂહ (૩)
(૨૩) તમારું ..... શું છે? (૪)
(૨૭) એક પ્રાણી (૩)
(૨૮) એક તેજાનો (૨)
(૩૦) ઘણાં લોકો વાતે વાતે ..... જાય છે (૪)
(૩૧) ખારું (૨)

**ઉભી ચાવી :**
(૧) રંગ, રસ (૨)
(૨) બહુ જ સરળ છે (૩)
(૩) પાણી ભરવાની ચામડાની કોથળી (૩)
(૪) ગુણે ગવાયેલું ને ગંધે વગોવાયેલું (૩)
(૫) હાથ, ટેકસ (૨)
(૮) તમને..... મળી જાય તો ! (૩)
(૧૦) એક નક્ષત્ર (૩)
(૧૨) પ્રદેશ, મુલક (૨)
(૧૪) એક રાશિ (૩)
(૧૬) એક ફળ (અંગ્રેજીમાં) (૩)
(૧૮)...... પતિ રાઘવ રાજારામ, પતિત પાવન..... (૨)
(૧૯) વસવાટ, મુકામ (૨)
(૨૨) આંખે આવતાં ચકકર (આડું-અવળું) (૩)
(૨૪) રસવાળું, રસપૂર્ણ (૩)
(૨૫) મોહમયી નગરી એટલે કયું શહેર ?(૩)
(૨૬) ચાલો, તમારી .... કરીએ ? (૩)
(૨૯) ...... વગર જીવન જ નથી (૨)

## શબ્દ સંજોગ-૨૦૯૩ જવાબ

**આડી ચાવી :** (૧) કદ (૩) જાંબુડો (૬) આપા (૮) ટપલી (૯) કારજ (૧૧) લટ (૧૨) પાની (૧૩) નજર (૧૫) મેદો (૧૬) બનડી (૧૭) મદદ (૧૮) કાં (૨૦) નીક (૨૧) રફીક (૨૪) રમ (૨૭) ચટકો (૨૯) સ્વસા (૩૦) જેક (૩૧) રકીબ (૩૨) તજજ્ઞ (૩૩) ડોયો.
**ઉભી ચાવી :** (૧) કટલસ (૨) દપટ (૪) બુકાની (૫) ડોર (૭) પાવર (૧૦) જનન (૧૨) પાદોદક (૧૪) જડી (૧૫) મેદની (૧૬) બપોર (૧૯) સારસ્વત (૨૨) ફીચર (૨૩) કટકી (૨૫) મસાજ (૨૬) મસાજ (૨૮) કોબર.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમદાવાદમાં કાયદાના રક્ષક જ ચિક્કાર દારૂ પીધેલી હાલતમાં ઝડપાયા

**સ્થાનિકોએ PSIને દારૂ પીધેલી હાલતમાં ઝડપીને હોબાળો કર્યો**



અમદાવાદ,તા.૦૩

અમદાવાદના નારોલમાં ટ્રાફિક-પોલીસ સ્ટેશનના PSI ફરજ પર ચિક્કાર દારૂ પીધેલી હાલતમાં મળ્યા હતા. સ્થાનિકોએ PSIને દારૂ પીધેલી હાલતમાં ઝડપીને હોબાળો કર્યો અને આક્ષેપ કર્યો કે K ડિવિઝન ટ્રાફિક-પોલીસ સ્ટેશનમાં PSIએ દારૂ પીધો છે. પોલીસને જાણ થતાં નારોલ પોલીસ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી. નારોલ પોલીસે દારૂ પીધેલા PSIની ધરપકડ કરીને તપાસ શરૂ કરી છે. K ડિવિઝન ટ્રાફિક-પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ચંદનસિંહે જયેન્દ્રસિંહ વીરપુરા (રહે, હરિઓમ સોસાયટી, ઓઢવ) વિરુદ્ધ દારૂ પીધેલાનો કેસ કર્યો છે.

PSI K ડિવિઝનમાં ટ્રાફિક પોઈન્ટ પર ફરજ બજાવતા હતા, ત્યારે દારૂ પીધેલી હાલતમાં હોવાથી સ્થાનિકોએ PSIને ઝડપીને હોબાળો કર્યો હતો. સ્થાનિકોએ જ કંટ્રોલ રૂમને પણ જાણ કરી હતી. બનાવની જાણ થતાં નારોલ પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી. પોલીસે દારૂ પીધેલી હાલતમાં જ PSIને પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા. દારૂ પીધેલા PSI સામે ગુનો નોંધી ધરપકડ પણ કરવામાં આવી હતી.

# થાઈલેન્ડથી હાઈબ્રીડ ગાંજો લાવી જૂનાગઢમાં વેચનાર ચાર લોકો ઝડપાયા

જૂનાગઢ,તા.૦૩

ડ્રગ્સ માફિયા જૂનાગઢમાં નશાના કાળા કારોબારનો પગદંડો જમાવે તે પહેલાં જ જૂનાગઢ SOGએ તાત્કાલિક કાર્યવાહી કરીને એક મોટી સફળતા હાંસલ કરી છે. SOGએ ઈન્ટરનેશનલ ડ્રગ્સ નેટવર્કના ચાર આરોપીઓની ધરપકડ કરી તેમની પાસેથી ૩.૧૬૦ કિલો પ્રતિબંધીત હાઈબ્રિડ ગાંજો અંદાજે



રૂપિયા ૧.૧૬ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જોકે, આ આરોપીઓની ધરપકડ એ વાતની પુષ્ટિ કરે છે કે, ડ્રગ્સનો આ ખતરનાક વેપાર હવે ગુજરાતના ખૂણે-ખુણે પ્રસરવા લાગ્યો છે, જેના મૂળિયા ખૂબ ઊંડા અને ઈન્ટરનેશનલ સ્તર સુધી ફેલાયેલા છે. જૂનાગઢ DySP હિતેશ ધાંધલિયાએ જણાવ્યું હતું કે, SOG અને LCB ટીમ દ્વારા શહેરમાં એક મોટા ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. થાઈલેન્ડથી લાવવામાં આવેલા પ્રતિબંધિત હાઈબ્રિડ ગાંજાના ૩.૧૬૦ કિલો જથ્થા સાથે ચાર આરોપીની ધરપકડ કરવામાં આવી છે. સમગ્ર પ્રકરણમાં રૂપિયા ૧.૧૬ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

# અમદાવાદમાં જન્મદિવસની ઉજવણી કરવા વૃદ્ધાની હત્યા કરી લૂંટ કરનાર ઝડપાયો

અમદાવાદ,તા.૩

બે મહિના પહેલા ખોખરા વિસ્તારમાં થયેલી હત્યાના ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. પોલીસે સચિન ઠાકોર નામના યુવકની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી સચિન ઠાકોર દોઢેક વર્ષ પહેલા વૃદ્ધાના મકાનની બાજુમાં ભાડે રહેતો હતો. જન્મદિવસની ઉજવણી અને મકાનનું ભાડું ભરવા માટે તેને રૂપિયાની જરૂરિયાત હોવાથી તેણે આ હત્યા કરી લૂંટ ચલાવી હતી.

આ સમયે વૃદ્ધાના ગળાના ભાગે ઈજાના નિશાન અને તેમની સોનાની બુટ્ટી ગાયબ હોવાનું જોવા મળતા સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરવામાં આવી હતી. ખોખરા પોલીસ ઘટનાસ્થળે પહોંચીને વૃદ્ધાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. જો કે પોસ્ટમોર્ટમના રિપોર્ટમાં વૃદ્ધાની હત્યા થઈ હોવાનું સામે આવતા પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી હતી.

# રાજકોટ શહેરમાં સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરે સગીરા સાથે દુષ્કર્મ આચર્યું

રાજકોટ,તા.૦૩

રાજકોટમાં રહેતી એક સગીરાનું અપહરણ કરી સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરે દુષ્કર્મ આચર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. મોરબીની એક યુવતી સાથે સગીરાને મિત્રતા થયા બાદ યુવતીના બોયફ્રેન્ડે તેના મિત્ર સાથે સગીરાની મુલાકાત કરાવી હતી. જેણે સગીરાનું




અપહરણ કરી રાજકોટના અટલ સરોવર નજીક દુષ્કર્મ આચર્યાની ફરિયાદ નોંધાઈ છે. મોરબીની યુવતી જ્યારે સગીરાને તેના ઘરે લઈ ગઈ હતી ત્યારે યુવતીના ભાઈએ પણ સગીરા સાથે શારીરિક અડપલાં કર્યા હોવાની વિગત સામે આવી છે. સોશિયલ મીડિયામાં ફેમસ કરી દેવાની મોટી મોટી વાતો કરી આરોપીએ સગીરાને ફસાવી હોવાની આશંકા છે. પોલીસે આ મામલે કુલ ચાર આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

**પોલીસે સગીરાના અપહરણ બદલ ચાર લોકો સામે ગુનો નોંધ્યો**

# જામનગરમાં ખુબ જ સાદગીથી નિતા અંબાણીએ ૬૨મો જન્મદિન ઉજવ્યો

(એચ.એસ.એલ),જામનગર,તા.૩

નીતા અંબાણીએ આ વર્ષે મુંબઈમાં નહીં પણ જામનગરમાં પોતાનો ૬૨મો જન્મદિવસ ઉજવ્યો. ઓનલાઈન સામે આવેલા અન્ય વીડિઓઝમાં બતાવવામાં આવ્યું છે કે તેમણે જામનગરમાં પોતાનો જન્મદિવસ કેવી રીતે ઉજવ્યો. એક ક્લિપમાં, નીતા અંબાણી તેમની માતા પૂર્ણિમા દલાલ સમક્ષ ઘૂંટણિયે પડીને તેમના પગ સ્પર્શ કરીને આશીર્વાદ લેતા જોવા મળ્યા. તેમણે થાળી પર માતાના પગ પણ ધોયા. બીજા



ફોટામાં, તેઓ તેમના સ્ટાફ સાથે કેક કાપતા જોવા મળ્યા. નીતા માટે આ જન્મદિવસ એકદમ અલગ અને ખાસ હતો. નીતા અંબાણી ભારતના સૌથી ધનિક વ્યક્તિ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીના પત્ની છે.

# ઉના, ગીરગઢડા પંથકમાં કમોસમી વરસાદથી પાકને નુકસાન બદલ ખેડૂતોએ સીધી સહાયની માંગ કરી

ઉના,તા.૦૩

ઉના અને ગીરગઢડા પંથકમાં પડેલા કમોસમી વરસાદે ખેડૂતોની હાલત દયનીય બનાવી દીધી છે. વરસાદે વિરામ લીધો હોવા છતાં, ખેડૂતો ખેતરોમાં જઈ શકતા નથી અને પાક સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે. આના કારણે ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. બંને તાલુકાના મોટાભાગના ગામોમાં સરકારી સર્વેનો બહિષ્કાર કરવામાં આવી રહ્યો છે.

કેસરિયા, સીમાસી, ભેભા, કાણકિયા અને કરેણી જેવા ગામોના ખેડૂતોએ માવઠાને કારણે થયેલા નુકસાનના સર્વેનો ઈનકાર કર્યો છે. ખેડૂતોની મુખ્ય માંગ છે કે તેમને સર્વેને બદલે સીધી સહાય આપવામાં આવે. તેઓ પોતાના ખેતરોની સ્થિતિનું નિરીક્ષણ કરી



તસવીર : કૈલાશ ભટ્ટ

રહ્યા છે અને ૧૦૦% રાહતની અપેક્ષા રાખી રહ્યા છે.

કાણકિયા ગામના ખેડૂતોએ એકત્ર થઈને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. તેમણે જણાવ્યું કે સર્વેમાં માત્ર ખેતરોમાં પડેલી મગફળીનો જ ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે, જ્યારે ઘણા ખેડૂતોએ મગફળી ઘરમાં લઈ લીધી હતી અને તે ઊગી નીકળતા તેમને આર્થિક નુકસાન થયું છે. ખેડૂતોએ સંપૂર્ણ વળતર અને દેવા માફીની પણ માંગ કરી છે. બોડીદર બાદ કાણકિયા ગામમાં ખેડૂતોના આ ઉગ્ર વિરોધથી તંત્ર પણ મુશ્કેલીમાં મુકાયું છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગીર સોમનાથના વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી

કોડીનાર, તા.૦૩

ગીર સોમનાથ જિલ્લામાં કમોસમી વરસાદથી થયેલા ભારે નુકસાનની વચ્ચે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સોમવારે કોડીનાર અને માળિયા તાલુકાના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે પહોંચ્યા હતા. તેમણે કડવાસણ અને પાણીદ્રા ગામે ખેડૂતો સાથે સીધી વાતચીત કરી અને



ખેતરોમાં જઈ પાકને થયેલા નુકસાનની જાત-સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીએ ખેડૂતોને ખાતરી આપી કે કોઈ ખેડૂતને અન્યાય નહીં થાય અને સરકાર સંપૂર્ણ પ્રતિબદ્ધતાથી વળતર ચૂકવશે. મુલાકાત દરમિયાન કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા, ડૉ.પ્રદ્યુમન વાજા તથા સ્થાનિક આગેવાનો હાજર રહ્યા હતા. મુખ્યમંત્રીએ જણાવ્યું કે કપરી પરિસ્થિતિમાં ખેડૂતોને મદદરૂપ થવું સરકારની પરંપરા છે. તેમણે સૌરાષ્ટ્રના ખેડૂતોની હિંમત અને ઝીંદાદીલીની પ્રશંસા કરી.

# કોડીનારના પશુપાલકોને ઘાસના વિતરણ માટે ફોર્મ ભરવામાં આવ્યા

કોડીનાર,તા.૦૩

કોડીનારના પશુપાલકોને ઘાસના વિતરણ માટે, નગરપાલિકાના સદસ્ય માનસિંગભાઈ જાદવ અને પ્રકાશભાઈ ડોડીયાએ મામલતદારને ફોર્મ જમા કરાવ્યા છે. આ ફાળવણી ગીર સોમનાથ જિલ્લા માટે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. કમોસમી વરસાદથી ઘાસચારાને નુકસાન થયેલ ખેડૂતોને આ સહાય



મળશે. દિનુભાઈ સોલંકી, પ્રદ્યુમન વાંઝા અને શિવાભાઈ સોલંકી દ્વારા આ કામગીરી કરવામાં આવી રહી છે.

# કોડીનાર કારડિયા સમાજની દીકરીએ સીએની પરીક્ષા પાસ કરી

કોડીનાર,તા.૦૩

ક્ષત્રિય કારડિયા રાજપૂત સમાજ, કોડીનારની દીકરી કુમારી જેમિશા જયસિંહ બારડે તાજેતરમાં જાહેર થયેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) ફાઈનલ પરીક્ષાના પરિણામમાં શાનદાર સફળતા મેળવી છે. લાંબા સમયની સતત મહેનત, દૃઢ સંકલ્પ અને અદમ્ય આત્મવિશ્વાસના બળ



પર જેમિશાએ આ અતિ મુશ્કેલ અને પ્રતિષ્ઠિત પરીક્ષા પાસ કરીને સમાજ અને કોડીનાર પંથકનું ગૌરવ વધાર્યું છે.

# જસદણમાં ભાજપ દ્વારા સ્નેહમિલન અને તુલસી વિવાહ કાર્યક્રમ યોજાયો

જસદણ,તા.૦૩

જસદણમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા રામેશ્વર મહાદેવ મંદિર ખાતે સ્નેહમિલન સમારોહ અને તુલસી વિવાહ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કેબિનેટ મંત્રી અને જસદણના ધારાસભ્ય કુંવરજીભાઈ બાવળીયાએ ઉપસ્થિત રહી સૌને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી અને કાર્યકરો સાથે સંવાદ સાધ્યો હતો. કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠિયા, જસદણ શહેરના પ્રભારી દિનેશભાઈ અમૃતિયા, તાલુકા



પ્રભારી મનોજભાઈ રાઠોડ, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડ, તાલુકા ભાજપ પ્રમુખ અંકિતભાઈ રામાણી, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ભરતભાઈ છાયાણી તેમજ અનેક હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા. કાર્યકરો તથા આગેવાનો દ્વારા સાકાર તુલા કરીને મંત્રીનું સન્માન કરાયું હતું.

# ઉનામાં હરિઓમ સોસાયટી દ્વારા તુલસી વિવાહ યોજાયા



ઉના,તા.૦૩

ઉના શહેરમાં શાહ એચ. ડી. હાઈસ્કૂલ પાછળ આવેલ હરિઓમ સોસાયટી દ્વારા તુલસી વિવાહનો ભવ્ય કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ તુલસી વિવાહમાં ઠાકોરજી શાલીગ્રામની જાન મનસુખભાઈ નાનુભાઈ રાઠોડના ઘરેથી વાજતે ગાજતે ડી.જે.ના તાલે સોસાયટી વિસ્તારમાં નીકળી હતી અને સંદીપભાઈ વાજાના ઘરે જાન પહોંચી હતી. આ લગ્નમાં બહોળી સંખ્યામાં લોકો જોડાયા હતા. અને લગ્ન મંડપમાં ભૂદેવ પ્રકાશકુમાર લાભશંકર ઠાકર દ્વારા તુલસી વિવાહ કાર્યક્રમ વિધિવત યોજેલ હતો.

# પ્રબોધિની એકાદશીએ મહંત સ્વામી મહારાજની હાજરીમાં "હાટડી ઉત્સવ"ની ભવ્ય ઉજવણી

ગોંડલ, તા. ૦૩

ભારતીય હિન્દુ સનાતન સંસ્કૃતિમાં પ્રબોધિની એકાદશીને દેવઊઠી એકાદશી પણ કહે છે. ચાતુર્માસ દરમિયાન ભગવાન વિષ્ણુ ક્ષીરસાગરમાં શયન કરે છે. કાર્તિક સુદ એકાદશી એટલે પ્રબોધિની એકાદશી, જે એકાદશીઓમાં શ્રેષ્ઠ ગણાય છે. આ દિવસે ભગવાન વિષ્ણુ ચાર મહિનાની નિદ્રા બાદ જાગ્રત થાય છે — એટલે તેને દેવઊઠી એકાદશી કહેવામાં આવે છે. આ દિવસે ઠાકોરજી સમક્ષ ચોમાસા બાદ આવેલ નવા શાકભાજી, ફળ અને ધાન્યનો અન્નકૂટ 'હાટડી' સ્વરૂપે ધરાવવામાં આવે છે.

ગોંડલના અક્ષર મંદિર ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં હાટડી ઉત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો હતો. ૦૨ નવેમ્બર રવિવારે સવારે મહંત સ્વામી મહારાજની પ્રાતઃપૂજા




તસવીર : ભોજાણી દેવાંગ

દરમ્યાન ગુજરાત તેમજ વિવિધ પ્રાંતના જુદા જુદા પ્રચલિત શાકની સુંદર સુશોભિત હાટડી ગોઠવવામાં આવી હતી. બાળકો અને યુવાનોએ આજના પ્રસંગને અનુરૂપ કીર્તનો ગાઈને સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. મંદિર પર ઠાકોરજી સમક્ષ અને અક્ષર દેરીમાં પણ વિવિધ પ્રકારના શાકની સુંદર ગોઠવણી કરી હાટડી રચવામાં આવી હતી. મંહતસ્વામી મહારાજે અહી પધારી ઠાકોરજી તેમજ અક્ષર દેરીમાં હાટડીના દર્શન કરી આરતી ઉતારી હતી. આ અવસરે સમગ્ર અક્ષર મંદિરના પરિસરને રંગબેરંગી રોશની તેમજ ધજા-પતાકા સાથે શણગારવામાં આવ્યું હતું.


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૪૨/૨૦૨૫ તા.૧૫/૦૯/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. પ્રભાબેન નરસીંહભાઈ સતાસીયા
રહે. રૂગનાથપુર, તા.ખાંભા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-૧. તલાટી કમ મંત્રીશ્રી આંબરડી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી પ્રભાબેન નરસીંહભાઈ સતાસીયાનો જન્મ તા.૧૩/૦૩/૧૯૭૦ ના રોજ મુ. આંબરડી, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ, પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૬/૧૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# આપણે વિકાસની આ ગતિને ઝડપી બનાવવા માટે સાથે મળીને કામ કરવું જોઈએ : નરેન્દ્ર મોદી

(એચ.એસ.એલ),પટણા,તા.૩

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ચૂંટણી પ્રચાર તેના અંતિમ તબક્કામાં છે. સહરસામાં એક ચૂંટણી રેલીને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે બિહારે વિકાસની ગતિ પકડી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે હવે આપણે વિકાસની આ ગતિને ઝડપી બનાવવા માટે સાથે મળીને કામ કરવું જોઈએ. તેથી, ફરી એકવાર, આપણે NDA સરકાર, સુશાસનની સરકાર, બિહારમાં પાછી લાવવી જોઈએ. પીએમ મોદીએ કહ્યું કે અમારો સંકલ્પ છે કે બિહારના યુવાનો બિહારમાં કામ કરે અને બિહારને ગૌરવ અપાવે. પીએમ મોદીએ કહ્યું કે રાજદ અને કોંગ્રેસ વિકાસની ભાષા સમજી શકતા નથી. તેમનો શબ્દકોશ ''કઠોરતા,'' ''ક્રૂરતા,'' ''કડવાશ,'' ''ખરાબ રીતભાત,'' ''ખરાબ શાસન,'' અને ''ભ્રષ્ટાચાર'' જેવા શબ્દોથી



ભરેલો છે. જંગલરાજની શાળામાં તેઓ આ બધું શીખ્યા.

પ્રધાનમંત્રીએ કહ્યું કે બિહાર હંમેશા મહિલા સશક્તિકરણ માટે એક મજબૂત સ્થાન રહ્યું છે. પછી ભલે તે માતા સીતા હોય, દેવી ભારતી હોય કે પછી વિદુષી ગાર્ગી જેવી અસંખ્ય મહિલાઓ અને માતાઓ હોય, તેઓ આપણી પ્રેરણા છે. મહિલા સશક્તિકરણની આ પ્રેરણાદાયી ભૂમિ પરથી, હું મહિલા ક્રિકેટ વર્લ્ડ કપમાં વિજય માટે સમગ્ર રાષ્ટ્રને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. ગઈકાલે મુંબઈમાં, ભારતની દીકરીઓએ ઈતિહાસ રચ્યો.

# કોંગ્રેસ, ટીએમસી અને ડીએમકે સહિત અનેક મુખ્ય વિપક્ષો દ્વારા એસઆઈઆરનો વિરોધ

નવીદિલ્હી,તા.૩

સ્પેશિયલ સઘન સંશોધન (એસઆઈઆર) કવાયત ૪ નવેમ્બરથી ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં શરૂ થવાની છે. જો કે, ચૂંટણી પંચને પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાંથી વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. કોંગ્રેસ, ટીએમસી અને ડીએમકે સહિત અનેક મુખ્ય વિપક્ષો આ પ્રક્રિયા પર સવાલ ઉઠાવી રહ્યા છે. ચૂંટણી પંચે આ વર્ષે બિહારમાં આ પ્રક્રિયા લાગુ કરી હતી અને હવે તે ૧૨ અન્ય રાજ્યોમાં પણ લાગુ કરવામાં આવી રહી છે. તમિલનાડુના શાસક પક્ષ, ડીએમકે, એસઆઈઆર સામે સુપ્રીમ કોર્ટમાં જવાનો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી એમકે સ્ટાલિને આ બાબતે અન્ય પક્ષો સાથે પણ બેઠક યોજી છે. તેમણે કહ્યું કે બેઠકમાં હાજર પક્ષોએ એસઆઈઆર સામે સુપ્રીમ કોર્ટમાં જવાનો ઠરાવ પસાર કર્યો



છે. તમિલનાડુમાં ૨૦૨૬ માં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. તેમણે માંગ કરી હતી કે આ પ્રક્રિયા ચૂંટણી પછી હાથ ધરવામાં આવે, પરંતુ ચૂંટણી પંચે આ સ્વીકાર્યું નહીં. ડીએમકે ઉપરાંત, કોંગ્રેસ, મારુમલાર્ચી દ્રવિડ મુન્નેત્ર કઝગમ (એમડીએમકે), વિદુથલાઈ ચિરુથૈગલ કઝગમ, ડાબેરી પક્ષો, કમલ હાસનની આગેવાની હેઠળની મક્કલ નીધી મૈયમ, ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ, કોંગુનાડુ મક્કલ દેશિયા કઝગમ અને તમિલગા વઝવુરીમાઈ કઝગમ, શાસક ગઠબંધન સહિત સાથી પક્ષોએ એસઆઈઆર વિરુદ્ધ બેઠકમાં ભાગ લીધો હતો.

# જે લોકોના ફેફસા નબળા હોય તે તાત્કાલિક દિલ્હી છોડે : ગુલેરીયા

ન્યુ દિલ્હી,તા.૦૩

દિલ્હીની હવા હવે ઝેરી બની ગઈ છે. છેલ્લા કેટલાક દિવસોથી પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. આ 'મોતની ચાદર'ના કારણે દિલ્હીવાસીઓને શ્વાસ લેવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હવે ડૉક્ટર્સનું કહેવું છે કે રાજધાનીની હવા એટલી પ્રદૂષિત થઈ ગઈ છે કે અહીં રહેવું પણ મુશ્કેલ બની રહ્યું છે. AIIMSના પૂર્વ ડિરેક્ટર અને દેશના પ્રમુખ પલ્મોનોલોજિસ્ટ ડૉ. રણદીપ ગુલેરિયાએ એક મોટી ચેતવણી આપી છે. તેમણે ભારપૂર્વક કહ્યું છે કે રાજધાનીમાં હાલમાં હેલ્થ ઈમરજન્સી જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. હાલમાં દિલ્હીની હવાની ગુણવત્તા અત્યંત ખતરનાક સ્તરે પહોંચી ગઈ છે. જે લોકોના ફેફસાં નબળા હોય તેવા લોકોએ તાત્કાલિક દિલ્હી છોડી દેવું જોઈએ. જો કોઈ વ્યક્તિ દિલ્હી છોડી ન શકે તો તેમણે પોતાની સુરક્ષા માટે સંપૂર્ણ સાવચેતી રાખવી જોઈએ, માસ્ક પહેરવું જોઈએ. ઘરોમાં એર ફિલ્ટરનો ઉપયોગ કરી શકાય છે.

# મુખ્યમંત્રી યોગીએ બિહારના દરભંગા જિલ્લાના કેઓતી વિધાનસભા ક્ષેત્રમાં એક રેલીને સંબોધી

(એચ.એસ.એલ),પટણા,તા.૩

બિહાર વિધાનસભા ચૂંટણી માટે મતદાન ૬ અને ૧૧ નવેમ્બરના રોજ થવાનું છે. તમામ રાજકીય પક્ષોના વરિષ્ઠ નેતાઓ પ્રચાર કરી રહ્યા છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ બિહારમાં ભાજપના ઉમેદવારો માટે પ્રચાર કરી રહ્યા છે. સોમવારે દરભંગા, મુઝફ્ફરપુર, સારણ અને પટણામાં તેમના કાર્યક્રમો હતા. મુખ્યમંત્રી યોગીએ બિહારના દરભંગા જિલ્લાના કેઓતી વિધાનસભા ક્ષેત્રમાં એક રેલીને સંબોધિત કરી હતી. રેલી દરમિયાન તેમણે મહાગઠબંધન અને તેના વિવિધ નેતાઓ પર આકરા નિશાન સાધ્યા હતા.

મુખ્યમંત્રી યોગીએ કહ્યું, ''તમે ગાંધીજીના ત્રણ વાંદરાઓ વિશે સાંભળ્યું હશે. આજે,



ભારતીય ગઠબંધનના ત્રણ વધુ વાંદરાઓ આવી ગયા છે. પપ્પુ, ટપ્પુ અને અપ્પુના નામે... પપ્પુ સત્ય બોલી શકતો નથી, સારી રીતે બોલી શકતો નથી, ટપ્પુ સારી રીતે જોઈ શકતો નથી, અને અપ્પુ સત્ય સાંભળી શકતો નથી. આ લોકો NDA સરકાર દ્વારા કરવામાં આવેલા વિકાસ કાર્યો જોઈ શકતા નથી. તેઓ તેના વિશે બોલી શકતા નથી, સાંભળી શકતા નથી, જોઈ શકતા નથી, અને તેથી ખોટો પ્રચાર ફેલાવી રહ્યા છે. RJD બિહારમાં સત્તામાં હતું, કોંગ્રેસ દ્વારા સમર્થિત હતું.

# અયોધ્યામાં ૨૫ નવેમ્બરના રોજ ધ્વજવંદન સમારોહને સફળતાપૂર્વક પૂર્ણ કરવા પોલીસ સતર્ક

લખનૌ,તા.૩

દુર્ગા પૂજા, દીપોત્સવ, અક્ષય નવમી, પરિક્રમા વગેરે સંભાળ્યા પછી, પોલીસ થોડી રાહત અનુભવી છે. હવે, પડકાર ૨૫ નવેમ્બરના રોજ ધ્વજવંદન સમારોહને સફળતાપૂર્વક પૂર્ણ કરવાનો છે, જેના માટે રિહર્સલ શરૂ થઈ ગયા છે. ઉત્સવોના શહેર અયોધ્યામાં, પોલીસ અને વહીવટીતંત્ર દરરોજ એક નવા પડકારનો સામનો કરે છે, પરંતુ છેલ્લા એક મહિનામાં પડકારોમાં નોંધપાત્ર વધારો થયો છે. વિવિધ કાર્યક્રમોમાં લગભગ ૬ મિલિયન ભક્તોના દર્શન સુરક્ષિત રીતે કરાવ્યા પછી અને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ હાંસલ કર્યા પછી પોલીસે ચોક્કસપણે રાહત અનુભવી છે, પરંતુ તેમની કસોટી ચાલુ છે. હવે સૌથી મોટી કસોટી ધ્વજવંદન સમારોહ હશે, જેમાં વડાપ્રધાન હાજરી આપશે. ફક્ત ૨૨ દિવસ બાકી છે ત્યારે, ગુપ્તચર એજન્સીઓએ આ મહત્વપૂર્ણ ઘટના માટે અભેદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કેમ્પિંગ શરૂ કરી દીધું છે.

# ગુરૂ નાનક જયંતિએ ૨૧૫૦ ભારતીય શીખો પાકિસ્તાન જશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૩

૫ નવેમ્બરના રોજ, ગુરુ નાનક દેવની ૫૫૬મી જન્મજયંતિની ઉજવણીમાં ભાગ લેવા માટે ૨,૧૫૦ ભારતીય શીખો વાઘા બોર્ડર દ્વારા લાહોર પહોંચશે તેવી અપેક્ષા છે, એમ એક ઉચ્ચ સરકારી અધિકારીએ રવિવારે જણાવ્યું હતું. મુખ્ય સમારોહ ૫ નવેમ્બરના રોજ લાહોરથી લગભગ ૮૦ કિલોમીટર દૂર ગુરુદ્વારા જન્મસ્થાન નનકાના સાહિબ ખાતે યોજાશે, જ્યાં ગુરુ નાનકનો જન્મ થયો હતો.

ઈવેક્યુઈ ટ્રસ્ટ પ્રોપર્ટી બોર્ડના પ્રવક્તા ગુલામ મોહિઉદ્દીને જણાવ્યું હતું કે પાકિસ્તાન સરકારે બાબા ગુરુ નાનક દેવજીની જન્મજયંતિમાં હાજરી આપવા માટે ભારતીય શીખોને ૨,૧૫૦ વિઝા જારી કર્યા છે.




ભારતીય શીખો મંગળવારે (૪ નવેમ્બર) વાઘા બોર્ડર દ્વારા લાહોર પહોંચશે. તેમની ૧૦ દિવસની યાત્રા દરમિયાન, તેઓ ગુરુદ્વારાઓની મુલાકાત લેશે અને ૧૩ નવેમ્બરે પોતાના વતન માટે રવાના થશે.

પહેલગામ આતંકવાદી હુમલા અને મે મહિનામાં ભારતના આતંકવાદ વિરોધી ઓપરેશન સિંદૂર પછી આ પહેલી મોટી સરહદ પાર યાત્રા છે. અહેવાલો અનુસાર, નવી દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશને વિઝાની પુષ્ટિ કરી છે.

# ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિધાનસભાના ખાસ સત્રને સંબોધ્યું

(એચ.એસ.),દેહરાદૂન,તા.૩

રાજ્યની ૨૫મી વર્ષગાંઠની રજતજયંતિ નિમિત્તે વિધાનસભાનું બે દિવસનું ખાસ સત્ર શરૂ થયું છે. ત્રણ દિવસની મુલાકાતે ઉત્તરાખંડ પહોંચેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિધાનસભાના ખાસ સત્રને સંબોધિત કર્યું. આ દરમિયાન તેમણે કહ્યું કે રાજ્યએ યુવા ઉર્જા સાથે આગળ વધવું જોઈએ. સોમવાર સવારે વિધાનસભા સચિવાલય ખાતે ખાસ સત્ર શરૂ થયું. વિધાનસભા અધ્યક્ષ રીતુ ખંડુરી ભૂષણે સૌપ્રથમ રાષ્ટ્રપતિને રામમાનની કલા પર આધારિત સ્મૃતિચિહ્ન અર્પણ કર્યું. રાષ્ટ્રપતિએ રામમાનની કલા પર એક પુસ્તકનું પણ વિમોચન કર્યું. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી, રાજ્યપાલ લેફ્ટનન્ટ જનરલ ગુરમીત સિંહ



અને ધારાસભ્યો ગૃહમાં હાજર હતા, જેમાં વિઝિટર્સ ગેલેરીમાં તમામ ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓ, વર્તમાન અને ભૂતપૂર્વ સાંસદો હાજર હતા. વિરોધ પક્ષના નેતા, મુખ્યમંત્રી ધામી અને રાજ્યપાલના સ્વાગત પ્રવચન પછી, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પોતાનું સંબોધન કર્યું. તેમણે કહ્યું, ''ઉત્તરાખંડ રાજ્યની સ્થાપનાના રજતજયંતિના ઐતિહાસિક પ્રસંગે લોકશાહીના આ મંદિરમાં તમારા બધાની વચ્ચે હાજર રહીને મને આનંદ થાય છે.''

# ડીઆરઆઈના મુંબઈ ઝોનલ યુનિટે બે મુસાફરો પાસેથી ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપ્યો

મુંબઈ,તા.૩

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સએ મુંબઈ એરપોર્ટ પર ૪૨ કરોડનો ગાંજો જપ્ત કર્યો છે. ડ્રગ હેરફેર સામેના મોટા ઓપરેશનમાં, ડીઆરઆઈના મુંબઈ ઝોનલ યુનિટે બે મુસાફરોની શોધખોળ કરી અને ડ્રગ્સનો મોટો જથ્થો જપ્ત કર્યો. રવિવારે, મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય



એરપોર્ટ પર બેંગકોકથી આવતા બે મુસાફરો પાસેથી ૪૨.૩૪ કિલોગ્રામ હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. ગેરકાયદેસર બજારમાં ગાંજાની કિંમત આશરે ૪૨ કરોડ છે. ડીઆરઆઈ મુંબઈએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, ચોક્કસ માહિતીના આધારે, ડીઆરઆઈ અધિકારીઓએ મુસાફરોને આગમન પર અટકાવ્યા અને તેમના સામાનની તપાસ કરી.

# મહિલા ટીમે વર્લ્ડ કપ જીતતા ભારત પાસે હાલમાં ત્રણ ટ્રોફી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૩

ભારત હાલમાં ક્રિકેટની દુનિયામાં અગ્રેસર છે. એક સમય હતો જ્યારે ટીમ ઈન્ડિયા દરેક આઈસીસી ટાઈટલ માટે ઝંખતી હતી, પરંતુ તાજેતરમાં તે બદલાયું છે. મહિલા ક્રિકેટ ટીમે વનડે વર્લ્ડ કપ જીતીને આ ગૌરવમાં વધારો કર્યો છે. ભારત હાલમાં ત્રણ આઈસીસી ટાઈટલ ધરાવે છે, જે પોતે જ નોંધપાત્ર છે.

ભારતીય મહિલા ક્રિકેટ ટીમને પોતાનો પહેલો વનડે વર્લ્ડ કપ જીતવામાં ઘણો સમય લાગ્યો. પહેલો વર્લ્ડ કપ ૧૯૭૩ માં રમાયો હતો. ત્યારથી, ઘણી મહિલા ખેલાડીઓ આવી અને ગઈ, બધાની એક જ ઈચ્છા હતી: વર્લ્ડ કપ જીતવાની, પરંતુ તે ઈચ્છા અધૂરી રહી. બે વાર, ટીમ ઈન્ડિયા ટાઈટલની ખૂબ નજીક પહોંચી, પરંતુ તે ચૂકી ગઈ. એટલે કે, તેઓ ફાઈનલમાં પહોંચ્યા, પરંતુ ટ્રોફી તેમનાથી દૂર રહી.

# ૧ લાખ કરોડ રૂપિયાના ભંડોળનો ઉપયોગ દેશના વૈજ્ઞાનિકોની ક્ષમતાઓને સુધારવામાં કરાશે : મોદી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ઈમર્જિંગ સાયન્સ, ટેકનોલોજી અને નવીનતા કોન્કલેવ (ઈએસટીઆઈસી)નું ઉદ્‌ઘાટન કર્યું. આ એક યોજના છે જેમાં ૧ લાખ કરોડ રૂપિયાનું ભંડોળ છે, જેનો ઉદ્દેશ્ય દેશમાં ખાનગી ક્ષેત્રમાં સંશોધન અને



નવીનતાને પ્રોત્સાહન આપતું વાતાવરણ બનાવવાનો છે. આ દરમિયાન, પ્રધાનમંત્રીએ કહ્યું કે ૧ લાખ કરોડ રૂપિયાના ભંડોળનો ઉપયોગ દેશના વૈજ્ઞાનિકોની ક્ષમતાઓને સુધારવા માટે કરવામાં આવશે.

પોતાના સંબોધનમાં, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, ''આજનો કાર્યક્રમ વિજ્ઞાન સાથે સંબંધિત છે, પરંતુ હું પહેલા ક્રિકેટમાં ભારતની શાનદાર જીત વિશે વાત કરીશ.

# મેક્સિકોમાં એક ડિપાર્ટમેન્ટ સ્ટોરમાં આગ લાગતા ૨૩ લોકોના કરૂણ મોત

(એચ.એસ.એલ),મેક્સિકો સિટી,તા.૩

ઉત્તરપશ્ચિમ મેક્સિકોમાં શનિવારે એક ડિપાર્ટમેન્ટ સ્ટોરમાં ભીષણ આગ લાગી, ત્યારબાદ એક જીવલેણ વિસ્ફોટ થયો. અધિકારીઓએ જણાવ્યું કે, ઘણા બાળકો સહિત ઓછામાં ઓછા ૨૩ લોકો માર્યા ગયા અને ૧૨ ઘાયલ થયા. સોનોરાના ગવર્નર અલ્ફોન્સો દુરાઝોએ સોશિયલ મીડિયા પર શેર કરેલા એક વીડિયોમાં જણાવ્યું હતું કે સોનોરા રાજ્યની રાજધાની હર્મોસિલોમાં આગ લાગી હતી.



સોનોરાના એટર્ની જનરલ ગુસ્તાવો સલાસ ચાવેઝે અહેવાલ આપ્યો હતો કે ઓછામાં ઓછા ૨૩ લોકો મૃત્યુ પામ્યા છે, અને ઘાયલોને હર્મોસિલોની છ હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. સલાસ ચાવેઝે જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃત્યુ ''ઝેરી ગેસ શ્વાસમાં લેવાથી'' થયા છે.

ફાયર બ્રિગેડની ટીમો હાલમાં આગ ઓલવવાના કામમાં લાગી હતી. ગવર્નરે કહ્યું, ''અમને એવા કોઈ સંકેત મળ્યા નથી કે આગ જાણી જોઈને લગાવવામાં આવી હતી.'' તેમણે એમ પણ કહ્યું કે અધિકારીઓ કેસના દરેક પાસાની તપાસ કરશે. સોશિયલ મીડિયા પર ફરતા ફોટામાં વાલ્ડો સ્ટોરમાં ભારે આગ લાગી છે. એક વીડિયોમાં સ્ટોરના પ્રવેશદ્વારથી થોડા મીટર દૂર એક બળી ગયેલો માણસ પડેલો જોવા મળે છે.

# ચીનની વધતી જતી આક્રમકતાના કારણે કેનેડા અને ફિલિપાઈન્સે મહત્વપૂર્ણ સંરક્ષણ કરાર કર્યા

(એચ.એસ.એલ),મનીલા,તા.૩

વિવાદિત દક્ષિણ ચીન સમુદ્રમાં ચીનની વધતી જતી આક્રમકતા વચ્ચે, કેનેડા અને ફિલિપાઈન્સે રવિવારે એક મહત્વપૂર્ણ સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા. આ કરારનો ઉદ્દેશ્ય બંને દેશોના સૈન્ય વચ્ચે સંયુક્ત લશ્કરી કવાયતોને પ્રોત્સાહન આપવાનો અને પ્રદેશમાં કોઈપણ આક્રમણને રોકવાનો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ પગલું પ્રાદેશિક સુરક્ષા સહયોગને મજબૂત બનાવવા તરફ એક મોટું પગલું છે. કેનેડા અને અન્ય પશ્ચિમી દેશો પણ તાજેતરના વર્ષોમાં હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં તેમની લશ્કરી હાજરી વધારી રહ્યા છે, કાયદાના શાસનને મજબૂત બનાવવા અને પ્રદેશમાં વેપાર અને રોકાણને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ સંદર્ભમાં, ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયર સતત અન્ય દેશો સાથે સંરક્ષણ



ભાગીદારીને મજબૂત બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેનાથી તેમનો દેશ વિવાદિત પાણીમાં લશ્કરી રીતે વધુ શક્તિશાળી ચીનનો વધુ સારી રીતે સામનો કરી શકે. આ ભાગીદારી દક્ષિણ ચીન સમુદ્રથી હિંદ-પ્રશાંત ક્ષેત્ર સુધી ચીનને પડકાર ફેંકશે. નોંધનીય છે કે ચીન લગભગ સમગ્ર દક્ષિણ ચીન સમુદ્ર પર દાવો કરે છે, જ્યારે ૨૦૧૬ ના આંતરરાષ્ટ્રીય મધ્યસ્થી ટ્રિબ્યુનલે ૧૯૮૨ ના સંયુક્ત રાષ્ટ્ર સંમેલન ઓન ધ લો ઓફ ધ સીના આધારે આ દાવાઓને ગેરકાયદેસર અને અમાન્ય ઠેરવ્યા હતા. જો કે, ચીને હજુ સુધી આ નવા કરાર પર ઔપચારિક રીતે પ્રતિક્રિયા આપી નથી.

# ગાંધીનગર સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટીમે ૧૯૦ કરોડની ઠગાઈનો ભેદ ઉકેલ્યો

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૩



રાજ્યના નાગરિકોની મહેનતની કમાણીના રૂપિયા સાયબર માફિયાઓ ગણતરીની મિનિટોમાં ચાઉં કરી જતા હોવાના કિસ્સાઓમાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે આવી જ એક આંતરરાષ્ટ્રીય સિન્ડિકેટના ૯ શખ્સોની ગાંધીનગર સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટીમે ધરપકડ કરીને ૧૯૦ કરોડની ઠગાઈનો ભેદ ઉકેલી નાંખ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઝડપાયેલા આરોપીઓ સાયબર ઠગાઈથી મેળવેલા નાણા દુબઈમાં બેઠેલા સાયબર માફિયાઓ સુધી પહોંચાડતા હોવાનું સામે આવ્યું છે.

રાજ્યમાં વધતા જતા સાયબર ઠગાઈના કિસ્સાઓને ઘટાડવા માટે ગૃહ વિભાગ દ્વારા કડક શબ્દોમાં આદેશ આપવામાં આવ્યા છે જેના પગલે ગાંધીનગર સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટીમ દ્વારા આંતરરાષ્ટ્રીય ગેંગ સાથે સંકળાયેલા ૯ શખ્સોની રાજ્યના અલગ અલગ શહેરમાંથી ધરપકડ કરી લેવામાં આવી છે. જેમાં લખતર, સાવરકુંડલા અને સુરતમાં રહેતા આરોપીઓ સાયબર ઠગાઈની દુકાન બેરોકટોક ચલાવતા હતા. અને આ તમામ આરોપીઓએ સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકામાં આવેલી માર્કેટિંગ યાર્ડની બહાર એક દુકાન ભાડેથી રાખી હતી અને તેનું પેઢીનામું કરાવીને તેનું રજિસ્ટ્રેશન યાર્ડમાં કરાવ્યું હતું. પરંતુ કોઈપણ પ્રકારનો વ્યવહાર યાર્ડમાં કરવામાં આવતો નહોતો.

# દેશના વિકાસ માટે ઈલેક્ટ્રોનિક્સ અને સેમિકન્ડક્ટર ઉત્પાદન અત્યંત મહત્વના : અશ્વિની વૈષ્ણવ

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૩



કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે ગુજરાતમાં સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ફેબના પ્રોજેક્ટ્સની પ્રગતિની વિગતો મેળવવા ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશના વિકાસ માટે ઈલેક્ટ્રોનિક્સ અને સેમિકન્ડક્ટર ઉત્પાદનના મહત્વના ક્ષેત્ર પર વિશેષ ફોકસ સાથેનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, દેશના વિકાસ માટે ઈલેક્ટ્રોનિક્સ અને સેમિકન્ડક્ટર ઉત્પાદન અત્યંત મહત્વના છે અને વડાપ્રધાનના દિશાદર્શનમાં આ ક્ષેત્રો ખુબ ઝડપી અને સારી પ્રગતિ કરી રહ્યા છે. મંત્રી અશ્વિની વૈષ્ણવે ગુજરાતમાં સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ફેબના પ્રોજેક્ટ્સની પ્રગતિની વિગતો મેળવવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, સાયન્સ ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી.

તેમણે ધોલેરા અને સાણંદમાં નિર્માણાધીન ટાટા, માઈક્રોન અને સીજી સેમિકોન જેવા સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સ માટે જરૂરી વીજળી, પાણી, લોજિસ્ટિક્સ અને સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા રેલ, રોડ એન્ડ એર કનેક્ટિવિટીના રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાઈ રહેલા કામોની તલસ્પર્શી વિગતો આ બેઠકમાં વિસ્તૃત પ્રેઝન્ટેશન દ્વારા મેળવી હતી.

# સુરતના કોસંબી વિસ્તારમાં એક બંધ ટ્રોલી બેગમાંથી મહિલાનો મૃતદેહ મળી આવ્યો

(એચ.એસ.એલ),સુરત,તા.૩

દેશમાં હવે ક્યાંય જાહેરમાં બેગ, ડ્રમ દેખાય તો લોકોમાં ડરનો માહોલ ફેલાઈ જાય છે. ત્યારે ફરી એકવાર બેગમાંથી લાશ મળી છે. સુરતના કોસંબા નજીક બેગમાંથી મહિલાનો મૃતદેહ મળ્યો છે. હત્યારાએ યુવતીના પગ બાંધી બે ફૂટની ટ્રોલી બેગમાં લાશને બેવડી વાળી ભરી હતી. હાથ પરના ટેટૂ આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.

સુરતના કોસંબી વિસ્તારમાં એક બંધ ટ્રોલી બેગમાંથી મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે. કોસંબા ઓવરબ્રિજ પાસે મારુતિના શો રૂમ બાજુના રોડના કિનારે બેગ પડી હતી. માંગરોળ તાલુકાના કોસંબા નજીક લોકોની નજર લાવારીશ બેગ પર પડી હતી. તેથી સ્થાનિકોએ જાણ કરતા પોલીસે સ્થળ પર પહોંચીને તપાસ કરી હતી. જેમાં બેગમાંથી યુવતીની લાશ મળી આવી હતી. મૃતદેહનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો છે. તેમજ હત્યારાને શોધવામાં પોલીસની ટીમો કામે લાગી છે.

પોલીસે પ્રાથમિક તપાસમાં જોયું તો, યુવતીના મૃતદેહના પગ બાંધેલા હતા.

# વકફની મિલકતના ભાડાપટ્ટા કે વેચાણના દસ્તાવેજોની નોંધણી દરમિયાન હવે સબ રજિસ્ટ્રારે વકફ બોર્ડના હુકમની ચકાસણી કરવી ફરજિયાત

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૩




રાજ્ય સરકારે વકફ બોર્ડની મિલકતોને લઈને એક મહત્ત્વપૂર્ણ અને કડક નિર્ણય કર્યો છે. વકફની મિલકતના ભાડાપટ્ટા કે વેચાણના દસ્તાવેજોની નોંધણી દરમિયાન હવે સબ રજિસ્ટ્રારે વકફ બોર્ડના હુકમની ચકાસણી કરવી ફરજિયાત રહેશે. આ નિર્ણય એવા અનેક કિસ્સાઓના પગલે લેવાયો છે જેમાં વકફ બોર્ડના નામે બનાવટી કે બોગસ હુકમો રજૂ કરી મિલકતોના ભાડાપટ્ટા કે વેચાણના સોદા કરાયા હતા.

નોંધણી સર નિરીક્ષક કચેરીએ તમામ સબ રજિસ્ટ્રારોને આ અંગે નવો સર્ક્યુલર મોકલ્યો છે. તેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે કોઈપણ દસ્તાવેજ જેમાં વકફ મિલકતનો ભાડાપટ્ટો, વેચાણ કે અન્ય પ્રકારની લીઝનો ઉલ્લેખ હોય, તે દસ્તાવેજની નોંધણી કરતા પહેલાં વકફ બોર્ડની મંજૂરી અને હુકમ કાયદેસર છે કે નહીં તેની ચકાસણી કરાવવી જરૂરી રહેશે. અધિકારીઓના જણાવ્યા મુજબ, ભૂતકાળમાં કેટલાક કિસ્સાઓમાં વકફ બોર્ડના નામે બનાવટી હુકમ રજૂ કરીને મિલકતો ભાડે આપવી કે વેચી દેવાના ગુનાહિત કિસ્સાઓ બહાર આવ્યા હતા. કેટલાક કિસ્સાઓમાં તો સબ રજિસ્ટ્રારોએ પણ એ પ્રકારના દસ્તાવેજોની નોંધણી કરી દીધી હતી, જેના કારણે કાયદેસર વિવાદો ઊભા થયા હતા.

# જૂનાગઢ ભારતી આશ્રમના ગુમ થયેલા મહાદેવભારતી બાપુની મોબાઈલ લોકેશનના આધારે તપાસ

જૂનાગઢ,તા.૩

મહામંડલેશ્વર મહાદેવ ભારતી બાપુએ ટ્રસ્ટીને ફોન કરી કહ્યું હતું કે, મારી ભૂલ થઈ ગઈ છે. હું ફરીથી આશ્રમે આવા માગું છું. હું જટાશંકર છું. મને અહીંથી લઈ જાવ. પોલીસે મોબાઈલ લોકેશનના આધારે તપાસ શરૂ કરી છે. વહેલી સવાર સુધી બાપુની શોધખોળ કરાઈ હતી. મહાદેવ ભારતી પોતાની સાથે મોબાઈલ લઈ ગયા હોવાનું સામે આવ્યું છે.

સમગ્ર ઘટનાક્રમની વાત કરીએ તો, ગઈકાલે વહેલી સવારથી જ જૂનાગઢ ભવનાથમાં ભારતી આશ્રમના લઘુમહંત મહાદેવ ભારતીબાપુની કોઈ ભાળ મળી રહી નહોતી, જે બાદ આશ્રમના સેવકોએ તેઓની શોધખોળ હાથ ધરી હતી, પરંતુ મહાદેવ ભારતીબાપુ મળ્યા નહોતા, જે બાદ આશ્રમ સંચાલકોએ ભવનાથ પોલીસને આ સમગ્ર બાબતની જાણ કરી હતી.

આશ્રમના લઘુમહંત મહાદેવ ભારતીબાપુ ગુમ થયા હોવાની જાણ થતા જ ભવનાથ પોલીસ અને જૂનાગઢ પોલીસની ટીમો તેમની શોધખોળમાં વળગી હતી, ત્યારે આશ્રમમાં તપાસ કરતા તેમના નામની એક સુસાઈડ નોટ પણ મળી આવી હતી.

# દ્વારકાના ભાણવડના માનપર વિસ્તારના ખેડૂતે પાક નિષ્ફળ જતા આત્મહત્યા કરી

દ્વારકા,તા.૩

રાજ્યમાં ફરી એક વખત ખેડૂતની આત્મહત્યાના દુખદ સમાચાર આવ્યા છે. દ્વારકાના ભાણવડના માનપર વિસ્તારના ૩૭ વર્ષીય કરસનભાઈ વાવનોટિયાએ આપઘાત કર્યાના સમાચાર સામે આવ્યા છે. કમોસમી વરસાદથી પાક બરબાદ થતા ખેડૂત પર આર્થિક સંકટ તૂટી પડ્યું હતું. ગોલ્ડ લોન લઈને ખરીદેલું બિયારણ વરસાદથી નાશ પામતાં કરસનભાઈને ભારે નુકસાન થયું હતું. તેથી માનસિક તણાવ અને નિરાશામાં આવી ખેડૂતે અંતિમ પગલું ભર્યુ હતું.

કરસનભાઈ વાવનોટિયાના આપઘાતથી ગ્રામજનોમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. પરિવારજનોએ સરકાર પાસે વળતર અને સહાયની માંગ કરી છે. સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આમ, ખેડૂત આત્મહત્યાના સતત



વધતા કેસો સરકાર માટે ચિંતાનો વિષય બન્યા છે. સરકારે સહાય કરવાની જાહેરાત કરી છે. પરંતુ સહાય મળે ત્યાં સુધી અનેક ખેડૂતો દેવામાં ડૂબી જશે. કોંગ્રેસના પ્રવક્તા મનીશ દોશીએ આ મુદ્દે સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું કે, વરસાદને કારણે ખેતી નાશ પામી છે. કપાસ, મગફળી, ડાંગર, સોયાબીન સહિતના અનેક પાકોને નુકસાની થઈ છે. ગુજરાતના ખેડૂતો પારાવાર નુકસાનીમાં ધકેલાયા છે. હતાશા, નિરાશા અને આર્થિક દેવામાં ડુબેલા ખેડૂતોના સમાચાર મળ્યા છે. દ્વારકાના ખેડૂતે આપઘાત કર્યો છે જે દુખદ અને ચિંતાનો વિષય છે.

# સુરતમાં હાઈ-પ્રોફાઈલ સેક્સ રેકેટનો મહિલા સેલ ક્રાઈમ બ્રાન્ચે ભાંડાફોડ કર્યો

(એચ.એસ.એલ),સુરત,તા.૩



સુરત શહેરના રાંદેર વિસ્તારમાં આવેલા વી સ્ક્વેર શોપિંગ મોલની અંદર ચાલી રહેલા હાઈ-પ્રોફાઈલ સેક્સ રેકેટનો મહિલા સેલ ક્રાઈમ બ્રાન્ચે ભાંડાફોડ કર્યો છે. પોલીસે ગ્રાહક બનીને દલાલ સુધી પહોંચીને કમ્ફર્ટ કોવ હોટલમાં રેડ કરતા ચાર યુવતીઓને દેહવ્યાપારના ચક્રવ્યૂહમાંથી મુક્ત કરાવી હતી. રેસ્ક્યુ કરાયેલી યુવતીઓમાં નોઈડાની ૨૧ વર્ષની પોલિટિકલ સાયન્સની વિદ્યાર્થિનીનો પણ સમાવેશ થતો હોવાની જાણ થતાં પોલીસ અધિકારીઓ પણ ચોંકી ગયા હતા. મહિલા સેલ ક્રાઈમ બ્રાન્ચને ૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ચોક્કસ માહિતી મળી હતી કે રાંદેર વિસ્તારમાં આવેલ કમ્ફર્ટ કોવ નામની હોટલમાં દેહવ્યાપારનો ગોરખધંધો ચાલે છે. પોલીસ તાત્કાલિક એક સંયુક્ત ટીમ બનાવી ગ્રાહક તરીકે દલાલનો સંપર્ક કર્યો. નક્કી કરાયેલ રકમ માટે હોટલમાં બોલાવાયા બાદ ટીમે યોગ્ય સમયે છાપો મારી દલાલ અને સંચાલકને રંગે હાથ ઝડપ્યા હતા.

રેડ દરમિયાન હોટલના રૂમમાંથી ચાર મહિલાઓને મુક્ત કરાવવામાં આવી હતી. પોલીસે સ્થળ પરથી ત્રણ મોબાઈલ ફોન, ૧૧,૦૦૦ રૂપિયાની રોકડ રકમ અને અન્ય સામાન મળી કુલ ૩૧,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.







